




Monday, 12 January 2026

પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક


गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥





તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૩ ● સંવત-૨૦૮૨ પોષ વદ નોમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD


## પ્રશાસક પ્રફુલભાઈ પટેલે તેમની દાનહ મુલાકાતના ત્રીજા અને ચોથા દિવસ શનિ-રવિવારે જિલ્લામાં અનેક વિકાસ કાર્યોનું કરેલું નિરીક્ષણ

### સંબંધિત કોન્ટ્રાક્ટરો-અધિકારીઓને ગુણવત્તા સાથે સમયસર કામ પૂર્ણ કરવા કરેલી તાકિદ

**ખાનવેલ-ખેરડી રોડ સહિત વેલુગામ ઔદ્યોગિક વસાહત અને વેલુગામ પ્રવેશદ્વાર, ખાનવેલ જંક્શન, એફઆરએચ કેમ્પસ તેમજ ખાનવેલ સ્કૂલ, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ- ખાનવેલ, નવી હોસ્ટેલ સાઈટ-ખુટલી, ઈએમઆરએસ સ્કૂલ- શેલ્ટી, શેલ્ટી બ્રિજ, દૂધની-ખાનવેલ રોડ, કૌંચા બ્રિજ એપ્રોચ રોડ અને ઈન્ટેક વેલ દૂધનીનું પણ કરેલું નિરીક્ષણઃ ચોથા દિવસે રવિવારે ગાંધીગ્રામ જંક્શન, રિંગ રોડ સ્ટ્રેચ, ગલોન્ડા સ્કૂલ, રાંધા જેલ, રાંધા સ્કૂલ અને દાદરા-તિઘરા રોડનું નિરીક્ષણ**























**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૧૧**

દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રશાસક શ્રી પ્રફુલ પટેલ દાનહ જિલ્લામાં ચાલી રહેલા વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરવા માટે સત્તાવાર મુલાકાતે છે. તેમણે મુલાકાતના ત્રીજા અને ચોથા દિવસે શનિવાર અને રવિવારે દાદરા નગર હવેલી જિલ્લામાં અનેક મહત્ત્વપૂર્ણ સ્થળોનું નિરીક્ષણ કર્યું હતું અને ચાલુ વિકાસ કાર્યોની સંપૂર્ણ સમીક્ષા કરી હતી.

પ્રશાસકશ્રીએ શનિવારે તેમની તેમની મુલાકાત દરમિયાન દાનહમાં ખાનવેલ-ખેરડી રોડ, રોડ નંબર ૧૭ ખેરડી-માનીપાડા (મુખ્ય માર્ગને જોડતો), ખેરડી પ્રવેશદ્વાર, નેશનલ હાઈવે-૮૪૮એ વિસ્તારઃ અંબોલી-સુરંગી-વેલુગામ, સુરંગી પોલીસ સ્ટેશન, વેલુગામ ઔદ્યોગિક વસાહત, વેલુગામ પ્રવેશદ્વાર, ખાનવેલ જંક્શન, એફઆરએચ કેમ્પસનું નિરીક્ષણ કર્યું હતું.

બપોર બાદ દાદરા નગર હવેલી જિલ્લામાં ખાનવેલ રિવર ફ્રન્ટ સાઈટ, રોડ નંબર ૧૦ ખાનવેલ-ભગતપાડા રોડ, ખાનવેલ સ્કૂલ, સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ-ખાનવેલ, નવી હોસ્ટેલ સાઈટ-ખુટલી, ઈએમઆરએસ સ્કૂલ-શેલ્ટી, શેલ્ટી બ્રિજ, દૂધની-ખાનવેલ રોડ, કૌંચા બ્રિજ એપ્રોચ રોડ અને ઈન્ટેક વેલ દૂધનીનું પણ નિરીક્ષણ કર્યું હતું.

પ્રશાસકશ્રીએ તેમની દાનહ મુલાકાતના ચોથા દિવસે પણ જિલ્લામાં અનેક મહત્ત્વપૂર્ણ સ્થળોનું નિરીક્ષણ કર્યું હતું અને ચાલુ વિકાસ કાર્યોની સંપૂર્ણ સમીક્ષા કરી હતી. દરમિયાન, પ્રશાસકશ્રીએ ગાંધીગ્રામ જંક્શન, રિંગ રોડ સ્ટ્રેચ, ગલોન્ડા સ્કૂલ, રાંધા જેલ, રાંધા સ્કૂલ અને દાદરા-તિઘરા રોડનું નિરીક્ષણ કર્યું હતું.

નિરીક્ષણ દરમિયાન, પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે કામની ગુણવત્તા અને પ્રગતિની સમીક્ષા કરી હતી અને સંબંધિત કોન્ટ્રાક્ટરો અને વિભાગીય અધિકારીઓને સમયસર કામ પૂર્ણ કરવા, નિર્ધારિત ગુણવત્તા ધોરણોનું કડક પાલન કરવા અને કોઈપણ બેદરકારી ટાળવા સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, વિકાસ કાર્યોમાં ગુણવત્તા સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં, અને તમામ પ્રોજેક્ટ નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા નિર્દેશ કર્યો હતો.

આ મુલાકાત દાદરા નગર હવેલી અને દમણ-દીવ વહીવટીતંત્રની માળખાગત સુવિધાઓને મજબૂત કરવા, નાગરિક સુવિધાઓનો વિસ્તાર કરવા અને પ્રદેશમાં એકંદર વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

### મગરવાડા-પટલારા પાવરગ્રિડ પ્રકરણ

## જ્યાં સુધી સંઘપ્રદેશના પ્રશાસક તરીકે પ્રફુલભાઈ પટેલ છે ત્યાં સુધી દમણ અને દીવ જ નહીં સમગ્ર સંઘપ્રદેશમાં ગુંડાગીર્દી કે ભાઈગીરીને કોઈ સ્થાન નહીં હોવાનો પ્રજામાં દૃઢ બનેલો વિશ્વાસ

**ફિલ્મી ઢબે પાવરગ્રિડના કર્મીઓને બંધક બનાવી ૭ થી ૮ જેટલા જેસીબી મશીન અને ૨૫ થી ૩૦ કરતા વધુ માણસોની ટોળકીએ સરકારી જમીનમાં નિર્મિત ફાઉન્ડેશનને ફક્ત ધરાશાયી જ નથી કર્યા, પરંતુ તેના પડેલા ભંગાર તથા સળિયાનો પણ નિકાલ કરી પુરાવાને સગે-વગે કરવા ચેષ્ટા કરી હોવાની પણ બહાર આવી રહેલી માહિતી**

**૧૯૯૯થી ૨૦૧૪ના કાળખંડમાં તત્કાલિન ભાજપ અધ્યક્ષ વાસુભાઈ પટેલ અને હાલના સાંસદ ઉમેશભાઈ પટેલ સહિત ઘણાંને પણ ઢોર માર મરાયો હતો છતાં પોલીસ દફતરે ક્યાં તો કેસ નહીં નોંધાયો હતો અને નોંધાયો હતો તો પણ અત્યાર સુધી કસૂરવારોને શોધાયા નથી આવી પરિસ્થિતિ ફરીથી દમણમાં આવી રહી હોવાનો ભય સામાન્ય લોકોને સતાવે એ સ્વભાવિક છે પણ સૌનો વિશ્વાસ પ્રશાસકશ્રી ઉપર અકબંધ**

દમણમાં ટોક ઓફ ધ ટાઉન બનેલ પટલારા-મગરવાડા ગામ ખાતે સરકારી જમીનમાં પાવરગ્રિડ દ્વારા બાંધવામાં આવેલ ફાઉન્ડેશનોને ફિલ્મી ઢબે ધરાશાયી કરાયા હોવાની માહિતી સામે આવી રહી છે. ફિલ્મી ઢબે પાવરગ્રિડના કર્મીઓને બંધક બનાવી ૭ થી ૮ જેટલા જેસીબી મશીન અને ૨૫ થી ૩૦ કરતા વધુ માણસોની ટોળકીએ સરકારી જમીનમાં નિર્મિત ફાઉન્ડેશનને ફક્ત ધરાશાયી જ નથી કર્યા, પરંતુ તેના પડેલા ભંગાર તથા સળિયાનો પણ નિકાલ કરી પુરાવાને સગે-વગે કરવાની ચેષ્ટા પણ કરી હોવાની માહિતી બહાર આવી રહી છે. આ ઘટના દમણમાં ૧૯૯૯થી લઈને ૨૦૧૪ સુધી તત્કાલિન કોંગ્રેસી સાંસદ અને કોંગ્રેસની સરકારના સમયમાં થતી ભાઈગીરી અને ગુંડાગીર્દીને યાદ અપાવી રહી છે.




૧૯૯૯થી ૨૦૧૪ના કાળખંડમાં તત્કાલિન ભાજપ અધ્યક્ષ શ્રી વાસુભાઈ પટેલ અને હાલના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલ સહિત ઘણાંને પણ ઢોર માર મરાયો હતો છતાં પોલીસ દફતરે ક્યાં તો કેસ નહીં નોંધાયો હતો અને નોંધાયો હતો તો પણ અત્યાર સુધી કસૂરવારોને શોધાયા નથી. આ પરિસ્થિતિ ફરીથી દમણમાં આવી રહી હોવાનો ભય હવે સામાન્ય લોકોને સતાવે એ સ્વભાવિક છે.

છેલ્લા ૯ વર્ષમાં સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલની કરડાકીથી ભાઈગીરી અને ગુંડાગીર્દી ઉપર મોટાપાયે અંકુશ આવ્યો હતો. ઉદ્યોગોમાં હપ્તાખોરી અને ખંડણીખોરી પણ સીમિત બની ચુકી હતી. પરંતુ હવે ફરી ધીરે ધીરે હપ્તાખોરી અને ખંડણીખોરીની પ્રવૃત્તિ પણ વધી રહી હોવાનો ઉદ્યોગોમાં પણ ગણગણાટ વ્યક્ત થઈ રહ્યો છે.

**સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ભાજપના જ્વલંત વિજય બાદ સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલ દ્વારા રાખવામાં આવી રહેલ ધીરજ અને ઉદારતાને આવા તત્ત્વોએ હળવાશમાં લેવાની ચેષ્ટા કરી છે. તેઓ ભૂલી ગયા છે કે, શ્રી પ્રફુલભાઈ પટેલ નીતિ-નિયમ અને કાયદાનું ઉલ્લંઘન કરનારાઓ સામે સખતમાં સખત પગલાં લેતાં અચકાતા નથી. ભૂતકાળમાં અનેક આગેવાનોને પણ પ્રશાસકશ્રીના સખત ન્યાયનો અનુભવ થઈ ચુક્યો હોવા છતાં અસામાજિક પ્રવૃત્તિ માટે કરેલી હિંમતને દાદ આપવી કે તેમની નાસમજ સમજવી?**

અત્રે નોંધનીય છે કે, પ્રશાસકશ્રીની સુચના બાદ પાવરગ્રિડના ફાઉન્ડેશનની તોડફોડ કરનારા મુખ્ય ષડ્યંત્રકારની ઓળખ પોલીસે કરી દીધી હોવાની બિન સત્તાવાર માહિતી મળી રહી છે. **પોલીસ પ્રશાસનના કેટલાક અધિકારીઓ આ પ્રકરણને દફનાવી દેવાની પણ ચેષ્ટા કરી રહ્યા હોવાની વિગતો પણ બહાર આવી રહી છે.** પરંતુ જ્યાં સુધી સંઘપ્રદેશના પ્રશાસક તરીકે શ્રી પ્રફુલભાઈ પટેલ છે ત્યાં સુધી દમણ અને દીવ જ નહીં સમગ્ર સંઘપ્રદેશમાં ગુંડાગીર્દી કે ભાઈગીરીને કોઈ સ્થાન નથી તેવો વિશ્વાસ આમપ્રજામાં દૃઢ બનેલો છે. તેથી કોઈ મોટો ચમરબંધી પણ રૂપિયા કે સત્તાના જોરે પાવરગ્રિડ પ્રકરણમાં ભીનુ સંકેલવાની કોશિષ કરશે તો તેમની ઈચ્છા પુરી નહીં થાય એવો ભરોસો પ્રદેશની પ્રજાને પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના પ્રશાસન ઉપર છે.

અત્રે યાદ રહે કે, ૧૯૯૯થી ૨૦૧૪ સુધીના ૧૫ વર્ષ એટલે કે, દોઢ દાયકામાં દમણમાં ખાનગી અને સરકારી કરોડો રૂપિયાની જમીનો દાબ-દબાણ અને પ્રશાસનિક મિલીભગતથી નામે કરાવી દેવા ચાલેલા ગોરખધંધાનું પણ હવે પુનરાવર્તન થવાનું નથી અને સંભાવના એવી પણ છે કે, કરોડો રૂપિયાની ૫૦૦ ગુંઠા કરતા વધુ સરકારી જમીન હડપ કરવાના પ્રકરણની પણ પ્રશાસક શ્રી પાવરગ્રિડના પ્રકરણની સાથે તપાસ કરાવી શકે છે અને દોષિતો પાસેથી આંચકી લેતાં પ્રશાસનને પળભરનો પણ સમય નહીં લાગશે.

### સોમવારનું સત્ય

**હંમેશા દરેક વાતે કૂદી પડતાં દમણ અને દીવના સાંસદ શ્રી ઉમેશભાઈ પટેલ પાવરગ્રિડના ફાઉન્ડેશનની તોડફોડના પ્રકરણમાં ભેદી મૌન દેખાઈ રહ્યા છે. શું આ મુદ્દે સાંસદશ્રી કંઈક બોલશે કે પછી લોકસભાની ચૂંટણીમાં કરેલી મદદનું સાટુ વાળશે?!**

## દમણમાં પીડાગ્રસ્ત ગૌમાતાના લાભાર્થે ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬થી ડોરી કડૈયા સિગ્નલ ખાતે શ્રીમદ્ ભાગવત મહાપુરાણ કથાનું આયોજન

### આચાર્ય ચેતનભાઈ જોષીજીના પાવન હસ્તે સંપન્ન ધ્વજારોહણનો કાર્યક્રમ સંપન્નઃ વિશ્વપ્રસિદ્ધ કથાકાર પ્રફુલભાઈ શુક્લ ૧૯ ફેબ્રુ. સુધી અમૃતમયી કથાનું રસપાન કરાવશે

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૧૧**

દમણ તથા આજુબાજુની પીડાગ્રસ્ત ગૌમાતાઓના કલ્યાણાર્થે વિશ્વવિખ્યાત કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લની ૮૮૯મી શ્રીમદ્ ભાગવત મહાપુરાણ કથાનું ભવ્ય આયોજન ડોરી કડૈયા સિગ્નલ ખાતે તા.૧૩ ફેબ્રુઆરી થી તા.૧૯ ફેબ્રુઆરી-૨૦૨૬ દરમ્યાન કરવામાં આવ્યું છે.

- (વધુ પાના નં.૨ પર)






## સુવિચાર - સદ્‌વિચાર

સંસ્કાર ચહેરાથી નહી, પણ વાત કરવાની રીતથી દેખાઈ આવે

## કવિતા

**અમે ઝાડની ડાળીએ ઝૂલ્યાં**

અમે ઝાડની ડાળીએ ઝૂલ્યાં,
કે ઝાડ જરી લીલું થયું,
અમે તાળી લઈ-દઈ ખીલ્યાં
કે પંખીનું ટોળું થયું...
અમે થોડું ચડ્યાં'ને ઊતર્યાં,
કે ઝરણું દડતું થયું.
અમે નીર નદીનાં ઉછાળ્યાં
કે પાણીને હસવું ચડ્યુ.

અમે કિલકારી કરી-કરી કૂદ્યાં
કે આભને ઝૂકવું પડ્યું,
અમે મૂકીને મનડું નાચ્યાં
કે વાદળું વરસી પડ્યું...

અમે મીઠાંમધુર ગીત ગાયાં,
કે ચંદાને ઊગવું પડ્યું,
અમે એવાં મસ્તીમાં ઝૂમ્યાં,
કે આભલું ઝળહળ્યું.

- રેખા ભટ્ટ

## આજની જોક

પતિ-પત્નીનો ઝઘડો ઉગ્ર સ્વરૂપ ધારણ કરવા લાગ્યો.
પત્ની અરેરેરે ! મેં મારી મમ્મીનું કહેવું માની તમારી સાથે લગ્ન ના કર્યું હોત તો કેવું સારું ?
પતિ: તો શું તારી મમ્મીએ તને મારી સાથે લગ્ન કરવાની ના પાડી હતી ?
'હા' પત્નીએ ક્રોધમાં જવાબ આપ્યો.
'અરે ભલા ભગવાન, હું પણ કેવો મૂર્ખ છું?
આવા ભલા સાસુને હું અત્યાર સુધી ખરાબ જ માનતો હતો !'

## કબીર વાણી

**ઉજડ ઘરમે બેઠકે, કિસકા લિજે નામ?**
**સાકુંથકે સંગ બેઠકે, કયું કર પાવે રામ?**

**- અર્થાત-**

વસ્તી વિનાના ઉજડ ઘરમાં જતા ત્યાં કોણને નામ દઈને બોલાવશો ? તેવી જ રીતે અજ્ઞાની સાથે દોસ્તી રાખીને પરમાત્મા કેમ મળે?

## આજનો દિન વિશેષ

### સ્વામી વિવેકાનંદ



સ્વામી વિવેકાનંદ (૧૨ જાન્યુઆરી ૧૮૬૩-૪ જુલાઈ ૧૯૦૨), જન્મ નરેન્દ્રનાથ દત્ત, એક ભારતીય હિન્દુ સાધુ, દાર્શનિક, લેખક, ધાર્મિક શિક્ષક અને ભારતીય રહસ્યવાદી રામકૃષ્ણના મુખ્ય શિષ્ય હતા.પશ્ચિમી વિશ્વમાં વેદાંત અને યોગનો પરિચય કરાવવામાં વિવેકાનંદ એક મુખ્ય વ્યક્તિ હતા અને તેમને આંતરધાર્મિક જાગૃતિ વધારવા અને હિન્દુ ધર્મને એક મુખ્ય વિશ્વ ધર્મના દરજ્જા સુધી પહોંચાડવાનો શ્રેય આપવામાં આવે છે.

વિવેકાનંદે ધર્મ અને આધ્યાત્મિકતા પ્રત્યે પ્રારંભિક ઝુકાવ દર્શાવ્યો હતો. ૧૮ વર્ષની ઉંમરે, તેઓ રામકૃષ્ણને મળ્યા અને તેમના સમર્પિત શિષ્ય બન્યા, અને પછીથી સંન્યાસી (ત્યાગ)ની પ્રતિજ્ઞા લીધી. રામકૃષ્ણના મૃત્યુ પછી, વિવેકાનંદે ભારતીય ઉપખંડમાં ભટકતા સાધુ તરીકે વ્યાપક પ્રવાસ કર્યો, તત્કાલીન બ્રિટિશ ભારતમાં ભારતીય જનતા દ્વારા સહન કરવામાં આવતી કઠોર જીવનશૈલીનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું, તેમણે સામાજિક સેવાઓ સ્થાપિત કરીને તેમના દુ:ખને દૂર કરવાનો માર્ગ શોધ્યો પરંતુ તેમની પાસે મૂડીનો અભાવ હતો. ૧૮૯૩માં, તેઓ શિકાગોમાં વિશ્વ ધર્મ સંસદમાં ભાગ લેવા માટે યુનાઈટેડ સ્ટેટ્સ ગયા, જ્યાં તેમણે 'અમેરિકાના ભાઈઓ અને બહેનો...' શબ્દોથી શરૂ થતું એક ઐતિહાસિક ભાષણ આપ્યું. તેમના શક્તિશાળી સંદેશે હિન્દુ આધ્યાત્મિક વિચારનો પરિચય કરાવ્યો અને ધાર્મિક સહિષ્ણુતા અને સાર્વત્રિક સ્વીકૃતિ બંનેની હિમાયત કરી. આ ભાષણે ઊંડી છાપ પાડી; એક અમેરિકન અખબારે તેમને દૈવી અધિકાર દ્વારા વક્તા અને નિ:શંકપણે સંસદમાં મહાન વ્યક્તિ તરીકે વર્ણવ્યા.

શિકાગોમાં તેમની સફળતા પછી, વિવેકાનંદે યુનાઈટેડ સ્ટેટ્સ, યુનાઈટેડ કિંગડમ અને ખંડીય યુરોપમાં વ્યાપકપણે પ્રવચનો આપ્યા, હિન્દુ ફિલસૂફીના આવશ્યક સિદ્ધાંતોનો પ્રસાર કર્યો. તેમણે ન્યૂ યોર્કની વેદાંત સોસાયટી અને સાન ફ્રાન્સિસ્કોની વેદાંત સોસાયટી (હવે વેદાંત સોસાયટી ઓફ નોર્ધન કેલિફોર્નિયા)ની સ્થાપના કરી, જે બંને પશ્ચિમમાં પાછળથી વેદાંત સોસાયટીઓનો પાયો બન્યા. ભારતમાં, તેમણે આધ્યાત્મિક તાલીમ માટે એક મઠના સંગઠન, રામકૃષ્ણ મઠ અને સામાજિક સેવાઓ, શિક્ષણ અને માનવતાવાદી કાર્ય માટે સમર્પિત રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી.

## આધ્યાત્મ પ્રાપ્ત કરવાના ઉપાયો

આધ્યાત્મિકતા પ્રાપ્ત કરવા માટે તમે નીચેના સરળ ઉપાયો અજમાવી શકો છો

આત્મ-જ્ઞાન આધ્યાત્મિકતાનો પાયો 'હું કોણ છું? તે જાણવાથી શરૂ થાય છે. તમે ફક્ત શરીર નથી, પરંતુ આત્મા છો, તે સમજણ કેળવવીએ પ્રથમ પગલું છે.

**ધ્યાન અને માઈન્ડફુલનેસ:** નિયમિત ધ્યાન કરવાથી મન શાંત અને સકારાત્મક બને છે. આસપાસ શું થઈ રહ્યું છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું અને વર્તમાન ક્ષણમાં જીવવું (ભૂતકાળની ચિંતાઓ કે ભવિષ્યના વિચારો વિના)એ માઈન્ડફુલનેસ છે.

**કૃતજ્ઞતાનો ભાવ:** તમારી પાસે જે છે તેના માટે આભાર વ્યક્ત કરવો. નાની-નાની બાબતોમાં ખુશી શોધવી અને કૃતજ્ઞ રહેવાથી જીવન પ્રત્યેનો તમારો દૃષ્ટિકોણ બદલાઈ જાય છે. બીજા લોકોની સેવા કરવી અને મદદરૂપ થવું. જ્યારે આપણે અન્ય વિશે વિચારીએ છીએ, ત્યારે આપણી ઉર્જા સકારાત્મક દિશામાં આગળ વધે છે, જે આધ્યાત્મિક ઉન્નતિ માટે જરૂરી છે. નકારાત્મકતાથી દૂર રહેવું, ક્રોધ, ઈર્ષ્યા, લોભ અને નફરત જેવી નકારાત્મક લાગણીઓ મનને નીચે ખેંચે છે. તેના બદલે પ્રેમ અને દયાનો અભ્યાસ કરવો.

### વડાપ્રધાન મોદીના હસ્તે મેટ્રો ફેઝ-૨નું લોકાર્પણ

# હવે મિનિટોમાં જ પહોંચાશે સચિવાલયથી મહાત્મા મંદિર

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી સંઘવીએ મહાત્મા મંદિરથી જૂના સચિવાલય સુધી મેટ્રોમાં મુસાફરી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
ગાંધીનગર, તા.૧૧





ગુજરાતના પાટનગર ગાંધીનગર માટે આજનો દિવસ ઐતિહાસિક સાબિત થયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહાત્મા મંદિર ખાતેથી અમદાવાદ મેટ્રો ફેઝ-૨ ના અત્યંત મહત્વના એવા સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના રૂટનું લોકાર્પણ કર્યુ છે. આ સાથે જ ગાંધીનગરના આંતરિક વિસ્તારો અને અમદાવાદ વચ્ચેની કનેક્ટિવિટી વધુ મજબૂત બની છે.

મેટ્રો ફેઝ-૨ ના આ વિસ્તરણ સાથે હવે સરકારી કર્મચારીઓ, મુલાકાતીઓ અને સ્થાનિક રહેવાસીઓ માટે મુસાફરી અત્યંત સરળ અને ઝડપી બનશે. સચિવાલય, જે રાજ્યનું વહીવટી કેન્દ્ર છે, તેને સીધું જ આંતરરાષ્ટ્રીય સ્તરના કન્વેન્શન સેન્ટર મહાત્મા મંદિર સાથે જોડવામાં આવ્યું છે. આ રૂટ શરૂ થવાથી ગાંધીનગરના ટ્રાફિકનું ભારણ ઘટશે અને પ્રદૂષણમુક્ત પરિવહનને વેગ મળશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ મહાત્મા મંદિરથી જૂના સચિવાલય સુધી મેટ્રોમાં મુસાફરી કરી છે. ગુજરાતની જનતાને આધુનિક અને ઝડપી પરિવહન સુવિધા પૂરી પાડવાના સંકલ્પ સાથે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે ગાંધીનગર ખાતે મેટ્રો ટ્રેનના બીજા તબક્કાના રૂટ પર મેટ્રો ટ્રેનની મુસાફરી કરી હતી. મેટ્રોમાં મુસાફરી કરી રહેલા સામાન્ય નાગરિકો અને વિદ્યાર્થીઓ સાથે મુખ્યમંત્રીએ સહજ સંવાદ સાધ્યો હતો અને મેટ્રો સેવા અંગેના તેમના પ્રતિભાવો જાણ્યા હતા.

મહાત્મા મંદિર ખાતેથી વડાપ્રધાન મોદીના હસ્તે મેટ્રો ફેઝ-૨ના સચિવાલયથી મહાત્મા મંદિર સુધીના રૂટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ મેટ્રો ફેઝ-૨ના ૭.૮ કિમીના રૂટમાં સાત સ્ટેશન આવશે. જેમાં અક્ષરધામ, જૂનું સચિવાલય, સેક્ટર ૧૬, સેક્ટર ૨૪, મહાત્મા મંદિર, સેક્ટર ૧૦ અને સચિવાલય સુધીના રૂટનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

મહાત્મા મંદિર મેટ્રો સ્ટેશનને ગાંધીનગર કેપિટલ રેલવે સ્ટેશન સાથે ખાસ વોક વે થી જોડાયું છે. આ મલ્ટી મોડલ કનેક્ટિવિટીને કારણે મુસાફરો ટ્રેનથી ગાંધીનગર સરળતાથી પહોંચી શકશે. હવે મુસાફરો મેટ્રોની સફર કરીને અમદાવાદ કે ગાંધીનગર વિસ્તાર જઈ શકાશે. મેટ્રો ફેઝ ૨ પૂર્ણ થતાં ગાંધીનગર રેલવે અને ગાંધીનગરના સેક્ટર અમદાવાદ રેલવે સ્ટેશન સાથે જોડાશે.

### શ્રદ્ધાળુઓ માટે ખુશખબર

# સોમનાથ સ્વાભિમાન પર્વ હવે તા.૧૫ જાન્યુઆરી સુધી યોજાશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
સોમનાથ, તા.૧૧

**વડાપ્રધાન મોદીની ગરિમામય ઉપસ્થિતિમાં સોમનાથ સ્વાભિમાન પર્વની ભવ્યાતિભવ્ય ઉજવણી**

વડાપ્રધાન મોદીએ આજના તેમના વક્તવ્યમાં પણ લોકોની શ્રદ્ધા આસ્થા અને ભગવાન ભોળાનાથ પ્રત્યેની અતૂટ શ્રદ્ધાને ધ્યાનમાં રાખીને વધુમાં વધુ લોકો તેનો લાભ લઈ શકે તે માટેનો ભાવ વ્યક્ત કર્યો હતો. લોકોની લાગણી અને માગણી ધ્યાનમાં રાખી અને આ પર્વની ઉજવણી તા. ૧૫ જાન્યુઆરી સુધી લંબાવવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

પ્રવક્તા અને કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનની પ્રેરક ઉપસ્થિતિમાં સોમનાથમાં સોમનાથ સ્વાભિમાન પર્વની ઐતિહાસિક રીતે ઉજવણી થઈ રહી છે.

આ પર્વ અન્વયે વડાપ્રધાનની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલ શૌર્યયાત્રામાં એક લાખ કરતા વધુ લોકો સહભાગી થયા હતાં અને ભગવાન શિવની ભક્તિમાં લોકો લીન થયા હતાં. તા. ૮થી ૧૧ જાન્યુઆરી સુધી જે રીતે કાર્યક્રમો યોજાયાં હતાં. એ જ શૃંખલામાં તા. ૧૫ જાન્યુઆરી સુધી આ અતૂટ શ્રદ્ધાના ૧૦૦૦ વર્ષની ઉજવણી કરવામાં આવશે. જેમાં સમગ્ર ભારત દેશમાંથી શ્રદ્ધાળુઓ સહભાગી થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ રાજ્ય મંત્રીમંડળના સભ્યો સહિત સમગ્ર વહીવટી તંત્રના સફળ પ્રયત્નોને કારણે આ પર્વ સફળતાથી ચાલ્યું છે. ભક્તિમય વાતાવરણમાં શ્રદ્ધાળુઓને અનેકવિધ પરંપરાગત સાંસ્કૃતિક કાર્યક્રમોની વણઝાર સાથે રોશનીનો રોમાંચ પણ માણવા મળશે. આ પર્વ અન્વયે વડાપ્રધાનની ગરીમામય ઉપસ્થિતિમાં ૭૨ કલાકનો અખંડ ઓમકાર નાદ, ૩૦૦૦ ડ્રોનનો મેગા શો અને ૧૦૮ અશ્વોની શૌર્ય યાત્રા તેમજ વિવિધ રાજ્યોમાંથી સોમનાથ ખાતે પધારેલા કલાકારોની અનેકવિધ કૃતિઓ આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી. ભારતીય સંસ્કૃતિના વારસા અને વિરાસતને પુન:સ્થાપિત કરતા આ ધાર્મિક પ્રસંગને દેશભરના વધુમાં વધુ લોકો માણી શકે એ માટે તારીખ ૧૫ જાન્યુઆરી સુધી આ પર્વ લંબાવવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધો છે.

### ઓફિસમાંથી મળ્યા સોના-હીરાના ઢગલા

# સુરતમાં ૧૫૫૦ કરોડનું મહાકૌભાંડ : નોટો ગણવાના ૪ મશીનોથી ગણાતા હતા પૈસા

(સંપૂર્ણ સમાચાર સેવા)
સુરત, તા.૧૧

સુરત પોલીસે આંતરરાષ્ટ્રીય સ્તરે ફેલાયેલા ૧૫૫૦ કરોડ રૂપિયાના મસમોટા સાયબર ફ્રોડ કૌભાંડમાં વધુ એક મોટી સફળતા હાંસલ કરી છે. ઉધના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાની તપાસના તાર છેક મહિધરપુરા હીરાબજાર સુધી પહોંચ્યા છે. પોલીસે કાળા નાણાંને સફેદ કરવા અને તેને ક્રિપ્ટોકરન્સીમાં ફેરવતા વધુ ૪ આરોપીઓને દબોચી લીધા છે. પોલીસને આરોપીઓની ઓફિસ અને ઘરેથી એટલી રોકડ મળી છે કે તે ગણવા માટે ૪ મશીનો કામે લગાડવા પડ્યા હતા. આ ઉપરાંત સોનું, ચાંદી અને હીરાનો જથ્થો પણ મળી આવ્યો છે.

સુરત પોલીસે બાતમીના આધારે ચિરાગ ઉર્ફે ચાર્લી સૂતરિયા અને પ્રવિણ ગઢિયા ની મહિધરપુરા સ્થિત ઓફિસમાં દરોડા પાડ્યા હતા. ત્યાંથી પોલીસને રૂ.૧.૯૨ કરોડની રોકડ રકમ અને નોટો ગણવાના ૪ કાઉન્ટિંગ મશીન મળી આવ્યા હતા. આ સાથે આરોપીઓના ઘરે તપાસ કરતા ૨૮૯ ગ્રામ સોનું, ૧૦ કિલો ૮૦૦ ગ્રામ ચાંદી અને ૪૧૩.૩૭ કેરેટના રફ હીરા પણ જપ્ત કરવામાં આવ્યા છે. કુલ મળીને પોલીસે ૨,૬૦,૩૨,૨૧૪ નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ સિવાય અન્ય બે આરોપી અબ્દુલરબ ચામડીયા અને અમીત ચોક્સી ની પણ ધરપકડ કરવામાં આવી છે.આ ગેંગ સાયબર ફ્રોડના નાણાંને સિસ્ટમમાં ઘૂસાડવા માટે એક ખાસ પદ્ધતિ અપનાવતી હતી. મ્યુલ એકાઉન્ટ્સ: ગેંગના સભ્યો સામાન્ય લોકોને લાલચ આપી તેમના નામે ડમી બેંક એકાઉન્ટ ખોલાવતા હતા. રોકડ ઉપાડ: સાયબર ફ્રોડના પૈસા જ્યારે આ ખાતાઓમાં આવતા, ત્યારે આરોપી અબ્દુલરબ તે પૈસા અમીત ચોક્સીના ખાતામાંથી રોકડ સ્વરૂપે ઉપાડી લેતો હતો. USDT કન્વર્ઝન: આ રોકડ રકમ ચિરાગ સૂતરિયા અને પ્રવિણ ગઢિયાની ઓફિસે પહોંચતી હતી. ત્યાં ચિરાગ સૂતરિયા આ બ્લેક મનીને USDT નામની ક્રિપ્ટોકરન્સીમાં કન્વર્ટ કરી વિદેશમાં ટ્રાન્સફર કરી દેતો હતો, જેથી પૈસાનું પગેરું દબાવી શકાય.

તપાસમાં અત્યાર સુધીમાં ૧૬૪ જેટલા શંકાસ્પદ બેંક એકાઉન્ટ્સ મળી આવ્યા છે. આ એકાઉન્ટ્સના ટ્રાન્ઝેક્શનની તપાસ કરતા કુલ ૧૫૫૦ કરોડ રૂપિયાની હેરાફેરી થઈ હોવાનું સામે આવ્યું છે. સુરત પોલીસે આ કેસમાં અત્યાર સુધીમાં ૨૫ આરોપીઓની ધરપકડ કરી છે અને ૧.૫ લાખ પાનાની ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી છે. જેમાં બેંકના ૮ કર્મચારીઓ પણ સામેલ છે, જેમણે ખોટા ડોક્યુમેન્ટ્સના આધારે ખાતા ખોલવામાં મદદ કરી હતી.

આ અંગે ડીસીપી ડો. કાનન દેસાઈએ જણાવ્યું હતું કે, તપાસ દરમિયાન અમને માહિતી મળી હતી કે ૧૬૪ ખાતા પૈકી અમુક ખાતામાં ૯૦ લાખ જેટલા રૂપિયા ટ્રાન્સફર થયા હતા. આ કડી અબ્દુલરબ અને અમીત ચોક્સી સુધી પહોંચી હતી. તેમની પૂછપરછમાં ચિરાગ સૂતરિયા અને પ્રવિણ ગઢિયાના નામ ખુલ્યા હતા, જેઓ હવાલા મારફતે આવેલા નાણાંને USDT માં ફેરવવાનું કામ કરતા હતા. આ આંતરરાષ્ટ્રીય રેકેટના મૂળ સુધી પહોંચવા પોલીસ હજુ વધુ તપાસ કરી રહી છે.

# કરણ અદાણીએ ગુજરાતના રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૨૬માં આપેલ વક્તવ્ય

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સુરત, તા.૧૧ :** ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી, ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલજી, માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીજી, પ્રતિષ્ઠિત મંત્રીશ્રીઓ, વૈશ્વિક ઉદ્યોગપતિઓ, ભારત અને વિશ્વભરમાંથી પધારેલા મિત્રો, બહેનો અને ભાઈઓ



આદરણિય પ્રધાનમંત્રીશ્રી,

આપના નેતૃત્વ હેઠળ, ભારતમાં ફક્ત કદમાં જ નહીં પરંતુ આપણી માનસિકતામાં પણ મૂળભૂત પરિવર્તન આવ્યું છે. રાષ્ટ્રને લાંબા ગાળાનું વિચારવાનું, ઘોષણોઓને બદલે સંસ્થાઓનું નિર્માણ કરવાનું અને વિકાસને પ્રકલ્પની હારમાળા તરીકે નહીં, પરંતુ સભ્યતાના મિશન તરીકે જોવાનું આપે શીખવ્યું છે. શાસન અને માળખાગત સુવિધાઓમાં સુધારાથી લઈને ભારતના વૈશ્વિક વિશ્વાસની પુન:સ્થાપના કરવા સુધી લોકશાહીમાં નિર્ણાયક નેતૃત્વ કેવું દેખાય છે તેની આપે ફરીથી વ્યાખ્યા કરી છે. આજે ભારત ફક્ત વિકાસની કામના કરતું નથી. પરંતુ તે નેતૃત્વ કરવાનું, ધોરણો નક્કી કરવાનું અને વિશ્વના ભવિષ્યને આકાર આપવાની મહેચ્છા રાખે છે. અને આ ફિલસૂફીના જીવંત પુરાવા તરીકે ગુજરાત ઊભું છે કે જ્યાં દૃષ્ટિ અમલીકરણ મારફત તાલમેલ સાધે છે અને મહત્વાકાંક્ષાને પ્રદાનનું પ્રચંડ સમર્થન છે.

ભારતના સૌથી વધુ ઔદ્યોગિક રીતે વિકસિત અને વૈશ્વિક સ્તરે જોડાયેલા રાજ્યોમાં આજે ગુજરાત સ્થાન ધરાવે છે. ગુજરાતના સંકલિત વિકાસનો ખરેખર અર્થ શું છે. તેનું દૃષ્ટાંતરુપે આજે ભારતના જીડીપીમાં ગુજરાતનું આઠ ટકાથી વધુ યોગદાન, ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાતનો ૧૭ ટકા હિસ્સો, દેશના ૪૦ ટકા કાર્ગોનું તેના બંદરો દ્વારા સંચાલન અને નવીનીકરણીય ઉર્જામાં એક અગ્રણી બની રહયાની હકિકતો સૌની નજર સામે છે

આ ઉપલબ્ધિ રાતોરાત પ્રાપ્ત થઈ નથી, આપના ગુજરાતના મુખ્ય મંત્રી તરીકેના કાર્યકાળમાં આપે સુશાસન અને અમલીકરણની સમાંતર ગતિ સાથે રાજ્યો ખરેખર રૂપાંતરિત થઈ શકે છે તે પુરવાર કરી બતાવ્યું છે. 'ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ'રાષ્ટ્રીય શબ્દભંડોળનો હિસ્સો બન્યું તે પહેલાં ગુજરાતે વ્યવહારમાં ઓછી ઝંઝટ, ઝડપી નિર્ણયો, મજબૂત સંસ્થાઓ અને ઉદ્યોગસાહસિકતા માટે ઊંડો આદરભાવની ભાવનાને અમલી બનાવી તેનો અર્થ શું છે તે દર્શાવ્યું છે. આપ પ્રધાનમંત્રી તરીકે આ ફિલસૂફી સમગ્ર ભારતમાં લઈ ગયા છો પરિણામે સહકારી અને સ્પર્ધાત્મક સંઘવાદ દ્વારા રાજ્યો વિકાસના એન્જિન બન્યા છે. મોટા પાયે માળખાગત સુવિધાઆનું નિર્માણ થવા સાથે નીતિગત સ્થિરતા પાછી આવી છે. અને ભારત આજે રોકાણ અને ઉત્પાદન માટે વિશ્વના સૌથી આકર્ષક સ્થળોમાંના એક તરીકે ઉભરી રહ્યું છે. જ્યારે વૈશ્વિક અર્થતંત્ર અનિશ્ચિતતા અને વિભાજનનો સામનો કરી રહ્યું છે, એવા સમયે ભારત એક તેજસ્વી સ્થળ તરીકે ઉભરી રહેવા સાથે ૮ ટકાની નજીક વૃદ્ધિ પામી રહ્યું છે, ઉત્પાદનોના તેના આધારને વિસ્તારી રહ્યું છે, અને ભરપૂર આત્મવિશ્વાસ સાથે ૫-ટ્રિલિયન અને વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે.

આ રાષ્ટ્રીય સફરમાં કચ્છ પરિવર્તનનું ખૂબ જ શક્તિશાળી પ્રતીક બની પ્રસ્તુત થયું છે.

એક સમયે અંતરિયાળ અને પડકારજનક મનાતું કચ્છ આજે ભારતના સૌથી વ્યૂહાત્મક ઔદ્યોગિક, લોજિસ્ટિક્સ અને ઉર્જા કેન્દ્રોમાંના એક તરીકે ઉપસી આવ્યું છે. અદાણી સમૂહ માટે, મુન્દ્રા અમારી કર્મભૂમિ છે. તે માત્ર ભારતનું સૌથી મોટું વાણિજ્યિક બંદર અને સંપૂર્ણ સંકલિત મલ્ટિમોડલ લોજિસ્ટિક્સનો ગેટવે નથી, પરંતુ ભારતના સૌથી મોટા કોપર સ્મેલ્ટર પ્લાન્ટ, કોલસાથી પીવીસી સંકુલ અને સૌર ઉત્પાદન સંકુલની ઈમારત પણ છે. લાંબા ગાળાના દૃષ્ટિકોણથી માત્ર પ્રદેશ જ નહીં, પરંતુ ઉદ્યોગો કેવી રીતે પરિવર્તન લાવી શકે છે તે મુન્દ્રાએ દર્શાવ્યું છે .

ખાવડામાં અમે ૩૭ ગીગાવોટ ક્ષમતા ધરાવતો વિશ્વનો સૌથી મોટો નવીનીકરણીય ઉર્જા પાર્ક વિકસાવી રહ્યા છીએ. આ ફક્ત એક ઉર્જા પ્રકલ્પ નથી પરંતુ આર્થિક વિકાસ, હવામાન પ્રત્યેની જવાબદારી અને ઉર્જા સુરક્ષા એકસાથે આગળ વધી શકે છે તે દર્શાવતું ભારતનું વિશ્વ સમક્ષ નિવેદન છે. અદાણી સમૂહ માટે ગુજરાત ફક્ત રોકાણનું રાજ્ય નહી પણ અમારો પાયો છે. અમારા ચેરમેન શ્રી ગૌતમ અદાણી, હંમેશા માનતા આવ્યા છે કે અમારા સમૂહનો વિકાસ રાષ્ટ્રના વિકાસથી અવિભાજ્ય રહેવો જોઈએ. આ ગુજરાત એ છે જ્યાંથી અમારી સફર શરૂ થઈ હતી, અને એ જ ગુજરાત છે જ્યાં અમારી લાંબા ગાળાની પ્રતિબદ્ધતા ટકી રહી છે. આ પાયાના આધારે અદાણી સમૂહ આગામી પાંચ વર્ષમાં કચ્છ ક્ષેત્રમાં રૂા.૧.૫ લાખ કરોડનું રોકાણ કરવા માટે પ્રતિબદ્ધ છે. અમે અમારો ખાવડા પ્રકલ્પ પૂર્ણ કરીશું અને ૨૦૩૦ સુધીમાં ૩૭ ગીગાવોટ ક્ષમતા પૂર્ણ કરીશું, અને અમે આગામી દસ વર્ષમાં મુન્દ્રા ખાતે અમારી બંદર ક્ષમતા પણ બમણી કરીશું.

આ દરેક રોકાણ ભારતની રાષ્ટ્રીય પ્રાથમિકતાઓ રોજગાર સર્જન, ઔદ્યોગિક સ્પર્ધાત્મકતા, ટકાઉપણું અને લાંબા ગાળાની સ્થિતિસ્થાપકતા સાથે બંધ બેસે છે. ભારત જેમ જેમ વિક્સિત ભારત-૨૦૪૭ તરફ આગળ વધી રહ્યું છે, તેમ તેમ ગુજરાત આ રાષ્ટ્રીય પરિવર્તનનો આધારસ્તંભ બની રહેશે. અદાણી સમૂહ મજબૂત, આત્મનિર્ભર અને વૈશ્વિક સ્તરે માનવંતા ભારતનું નિર્માણ કરવામાં વિશ્વસનીય ભાગીદાર બનવા માટે પ્રતિબદ્ધ છે.

# મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ XUV 7XO લોંચ કરી: પ્રારંભિક કિંમત રૂા.૧૩.૬૬ લાખ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સુરત, તા.૧૧

ભારતની અગ્રણી એસયુવી ઉત્પાદક મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડે સોમવારે કંપનીની લેટેસ્ટ ટ્રેન્ડસેટર XUV 7XO લોંચ કરી હતી. રૂા.૧૩.૬૬ લાખ (એક્સ-શો રૂમ)ની કિંમતથી શરૂ.૧૪ જાન્યુઆરી, ૨૦૨૬થી બુકિંગ શરૂ ૧૪ જાન્યુઆરી, ૨૦૨૬થી ડિલિવરી

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડના પ્રેસિડેન્ટ, ઓટોમોટિવ બિઝનેસ આર વેલુસામીએ જણાવ્યું કે, "XUV 7XO સાચા અર્થમાં પ્રિમીયમ, ટેક્નોલોજી ફોરવર્ડ એસયુવી, ચલાવવામાં સરળ અને સ્માર્ટ અનુભવ પૂરો પાડવાની દિશામાં અમારું આગામી પગલું છે. અમે DAVINCI સસ્પેન્શન સિસ્ટમ દાખલ કરી રહ્યા છે, જે વિશ્વભરમાં પ્રથમ વાર રજૂ થયેલી નવી વાલ્વ આધારિત ડેમ્પિંગ ટેકનોલોજી છે. ક્વોલકોમ સ્નેપડ્રેગોન SA8155Pની તાકાત ધરાવતી ADRENOX+ ભારતમાં આઈસીઈ વાહનમાં દાખલ થનાર પ્રથમ ચીપસેટ છે, જેનાંથી અપવાદરૂપ કમ્પ્યુટિંગ સ્પીડ અને પ્રતિસાદ મળે છે. ૧૬-સ્પીકર હરમન કાર્ડન સિસ્ટમ ડોલ્બી એટમોસ અને ડોલ્બી વિઝન સાથે આવે છે. જે ભારતમાં પ્રથમ વાર દાખલ થયા છે.

મહિન્દ્રાએ લોકો માટે ટેક્નોલોજીસુલભ કરવા સતત કામ કર્યુ છે અને XUV 7XO બેઝ વેરિએન્ટથી જ અત્યાધુનિક ફીચર્સ પૂરાં પાડીને આ પ્રતિબદ્ધતાને વધારે છે. એએક્સ વેરિએન્ટમાં કોસ્ટ-ટુ-કોસ્ટ 31.24 cm ટ્રિપલ એચડી સ્ક્રીન, ઈન્ટેલિજન્ટ ADRENOX , વાયરલેસ એન્ડ્રોઈડ ઓટો અને એપલ કાર પ્લે, એલેક્સા બિલ્ટ-ઈન વિથ ચેટજીપીટી, ક્રુડ કન્ટ્રોલ, પુશ બટન સ્ટાર્ટ/સ્ટોપ અને ૭૫ સેફટી ફીચર્સ છે, જે તમામ સ્ટાન્ડર્ડ બનાવટના, આધુનિક ટેકનોલોજી અને અગાઉ કરતા વધુ સુલભ પ્રીમિયમ ફીચર્સ ધરાવે છે.

**આકર્ષક ડિઝાઈન:** રત્ન જેવીઅને પક્ષીનાં પંજા જેવી સંપૂર્ણ પહોળાઇ ધરાવતી ગ્રિલ, બાય-એલઈડી પ્રોજેક્ટર હેડલેમ્પ વીથ ડીઆરએલ, હીરાથી પ્રેરિત ક્લિયર લેન્સ એલઈડી ટેઈલલેમ્પ, R19 ડાયમન્ડ કટ એલોય વ્હિલ્સ અને સુપર પ્રીમિયમ હાઈ-ગ્લોસ પિયાનો-બ્લેક ફિનિશ.

(પહેલાં પાનાનું ચાલુ)

**દમણમાં પીડાગ્રસ્ત...**

આ ભાગવત કથાના પૂર્વારંભરૂપે આજે ધ્વજારોહણ વિધિ આચાર્ય શ્રી ચેતનભાઈ જોષીજીના પાવન હસ્તે સંપન્ન થઈ હતી. આ પ્રસંગે સમગ્ર વાતાવરણ ભક્તિભાવ અને ગૌ સેવાના પવિત્ર સંકલ્પોથી ગુંજી ઉઠ્યું હતું.

શ્રીમદ્ ભાગવત કથાની પોથીયાત્રા તા.૧૩ ફેબ્રુઆરી-૨૦૨૬ના રોજ બપોરે ૨:૦૦ વાગ્યે ભીમપોર ગામ જલારામ બાપાના મંદિરથી ભવ્ય રીતે પ્રસ્થાન કરશે. કથાના મુખ્ય યજમાન તરીકે ગૌ રક્ષા મંચના પ્રમુખ તેમજ જિલ્લા પંચાયતના સભ્ય શ્રી હર્ષલભાઈ બાબુભાઈ પટેલની આગેવાની હેઠળ આ પોથીયાત્રા યોજાશે.

આ પ્રસંગે રીપલ પટેલ, જેનીલ પટેલ, ઉર્વેશ પટેલ, ભદ્રેશ પટેલ, મયુર પટેલ, મેહુલ પટેલ, શંકર ભાનુશાલી, મુકુલ રાણા, વિકેશ રાઠવા, સુરેશ રાજપુરોહિત, જીલ પટેલ, સંજય પટેલ, કીર્તિ ભાનુશાલી, આકાશ પટેલ, દેવરાજ ગુપ્તા, કમલેશ ભાનુશાલી, અભિષેકત્રિવેદી, દુર્ગેશભાઈ, આશિષભાઈ, અભિષેક કુમાર સહિત મોટી સંખ્યામાં ગૌરક્ષક યુવાનોની ઉપસ્થિતિ રહી હતી.

આ ભાગવત કથાને સફળ બનાવવા માટે યુવાનો ઉત્સાહપૂર્વક સેવા કાર્યમાં જોડાયા છે. કથાકાળ દરમિયાન રાજકીય, સામાજિક તેમજ ધાર્મિક ક્ષેત્રના અગ્રણી આગેવાનોની વિશેષ ઉપસ્થિત રહેશે. વિશ્વવિખ્યાત કથાકાર શ્રી પ્રફુલભાઈ શુક્લની ઓજસ્વી અને તેજસ્વી વાણીથી સમગ્ર દમણ ભક્તિરસમાં રંગાઈ જશે તેવી લાગણી આયોજકો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. શ્રદ્ધાળુ ભક્તજનો માટે સુંદર, સુવ્યવસ્થિત અને શ્રદ્ધાભર્યા આયોજનની તૈયારી પૂર્ણતાની કક્ષાએ પહોંચી હોવાનું આયોજકો દ્વારા જણાવાયું છે.

## શિવ સાધના બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સંબોધન

# ગઝનીથી ઔરંગઝેબ સુધીના ઈતિહાસમાં દફનાઈ ગયા, સોમનાથ ત્યાં જ ઊભું છે

**વડાપ્રધાન સોમનાથ મંદિર સ્વાભિમાન પર્વમાં સહભાગી થયા હતા : તેમણે અહીં ૧૦૮ અશ્વો સાથે કાઢવામાં આવેલી શૌર્ય યાત્રામાં પણ હાજરી આપી**










(સંપૂર્ણ સમાચાર સેવા)

**સોમનાથ, તા.૧૧**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે સોમનાથ મંદિર સ્વાભિમાન પર્વમાં સહભાગી થયા હતા. તેમણે અહીં ૧૦૮ અશ્વો સાથે કાઢવામાં આવેલી શૌર્ય યાત્રામાં પણ હાજરી આપી હતી. આ શોભાયાત્રા સોમનાથ મંદિરની રક્ષા કરતા પોતાના પ્રાણની આહુતિ આપનારા અગણિત વીર યોદ્ધાઓને શ્રદ્ધાંજલિ આપવા માટે કાઢવામાં આવી હતી, જે શૌર્ય, સાહસ અને બલિદાનનું પ્રતિક માનવામાં આવે છે. ત્યારબાદ પીએમ મોદીએ સોમનાથ મંદિરમાં પૂજા-અર્ચના કરી અને જનસભાને સંબોધિત કરી હતી. પીએમ મોદીના આગમનના કારણે આખા સોમનાથનું વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. મહાદેવના દર્શન કરીને પીએમ મોદીએ જનસભા સંબોધી હતી જેમાં તેમણે જણાવ્યું કે, આજે દેશના ખૂણે ખૂણેથી લાખો લોકો મારી સાથે જોડાયા છે તે બધાને મારા જય સોમનાથ.

પીએમ મોદીએ શૌર્ય સભાને સંબોધતા કહ્યું "હું મારું ખૂબ મોટું સૌભાગ્ય માનું છું કે સોમનાથ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે મને સોમનાથ સ્વાભિમાન પર્વમાં સક્રિય સેવા કરવાની તક મળી છે. આજે દેશના ખૂણે-ખૂણેથી લાખો લોકો આપણી સાથે જોડાયેલા છે, તે તમામને મારા તરફથી જય સોમનાથ. આ સમય અદભૂત છે, વાતાવરણ અદભૂત છે અને આ ઉત્સવ પણ અદભૂત છે. એક તરફ દેવાધિદેવ મહાદેવ, બીજી તરફ સમુદ્રની લહેરો, સૂર્યના કિરણો, મંત્રોનો ગુંજારવ, આસ્થાનો ઉમંગ અને આ દિવ્ય વાતાવરણમાં ભગવાન સોમનાથના ભક્તોની ઉપસ્થિતિ... આ અવસરને ભવ્ય અને દિવ્ય બનાવી રહી છે."





સોમનાથ સ્વાભિમાન પર્વ અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ પ્રસંગ ગૌરવ, ગૌરવ, મહિમા અને ગૌરવના જ્ઞાનથી ભરેલો છે. તે ભવ્યતા, આધ્યાત્મિક અનુભવ, અનુભવ, આનંદ, આત્મીયતા અને સર્વોચ્ચ ભગવાન મહાદેવના આશીર્વાદનો વારસો દર્શાવે છે. પીએમ મોદીએ કહ્યું, "૭૨ કલાક સતત ઓમકાર ધ્વનિ, ૭૨ કલાક સતત જાપ. મેં ગઈકાલે રાત્રે ૧૦૦૦ ડ્રોનનો ઉપયોગ, વૈદિક ગુરુકુળોના ૧૦૦૦ વિદ્યાર્થીઓની હાજરી, સોમનાથની ૧૦૦૦ વર્ષની ગાથાનું પ્રસ્તુતિ... અને આજે ૧૦૮ ઘોડાઓ સાથે મંદિરની શૌર્યયાત્રા, મંત્રો અને સ્તોત્રોની અદ્ભુત પ્રસ્તુતિ... બધું જ મંત્રમુગ્ધ કરી દે તેવું છે. આ લાગણી શબ્દોમાં વ્યક્ત કરી શકાતી નથી; ફક્ત સમય જ તેને પકડી શકે છે."

વર્ષ ૧૦૨૬માં મહમદ ગઝની દ્વારા સોમનાથ મંદિર પર થયેલા પ્રથમ હુમલાના ૧૦૦૦ વર્ષ પૂર્ણ થવા પર ઈતિહાસનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું, "એક હજાર વર્ષ પહેલાં અહીં કેવું વાતાવરણ હશે? અહીં ઉપસ્થિત તમારા પૂર્વજોએ, આપણા પૂર્વજોએ પોતાની આસ્થા અને મહાદેવ માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દીધું હતું. હજાર વર્ષ પહેલાં એ આક્રમણખોરો વિચારતા હતા કે તેમણે આપણને જીતી લીધા છે, પરંતુ આજે હજાર વર્ષ પછી પણ સોમનાથ મહાદેવના મંદિર પર લહેરાતી ધજા સમગ્ર સૃષ્ટિને કહી રહી છે કે હિન્દુસ્તાનની શક્તિ અને સામર્થ્ય શું છે."

પ્રધાનમંત્રીએ વધુમાં જણાવ્યું કે, " જ્યારે ગઝનીથી લઈને ઔરંગઝેબ સુધીના તમામ આક્રમણખોરો જ્યારે સોમનાથ પર હુમલો કરી રહ્યા હતા, ત્યારે તેમને લાગતું હતું કે તેમની તલવાર સનાતન સોમનાથને જીતી રહી છે. પરંતુ તે ધાર્મિક કટ્ટરપંથીઓ એ ન સમજી શક્યા કે જે સોમનાથને તેઓ નષ્ટ કરવા માંગતા હતા, તેના નામમાં જ સોમ એટલે કે અમૃત જોડાયેલું છે. તેમાં હળાહળ પીને પણ અમર રહેવાનો વિચાર છે. તેની અંદર સદાશિવ મહાદેવ તરીકે એ ચૈતન્ય શક્તિ બિરાજમાન છે જે કલ્યાણકારી પણ છે અને પ્રચંડ તાંડવનું સ્રોત પણ છે. ગઝનીથી ઔરંગઝેબ સુધીના તમામ આક્રમણખોરો ઈતિહાસના પાનાઓમાં દફન થઈ ગયા, પરંતુ આ ચિર-પુરાતન સોમનાથ મંદિર સાગરના તટે આજે પણ તેટલી જ શાનથી અડીખમ ઊભું છે."

પીએમ મોદીએ કહ્યું કે સોમનાથ સ્વાભિમાન પર્વ એ હજાર વર્ષ પહેલાં થયેલા વિનાશનો ઉત્સવ નથી, પરંતુ હજાર વર્ષ સુધી ફેલાયેલી યાત્રાનો ઉત્સવ છે. તે ભારતના અસ્તિત્વ અને ગૌરવનો ઉત્સવ છે, કારણ કે દરેક પગલે, દરેક તબક્કે, આપણે સોમનાથ અને ભારત વચ્ચે એક અનોખી સમાનતા જોઈએ છીએ. સોમનાથનો નાશ કરવાના ફક્ત એક નહીં પરંતુ અનેક પ્રયાસો થયા હતા. તેમણે કહ્યું કે એ જ રીતે, વિદેશી આક્રમણકારોએ સદીઓથી ભારતનો નાશ કરવાનો સતત પ્રયાસ કર્યો, પરંતુ ન તો સોમનાથનો નાશ થયો કે ન તો ભારતનો.

પીએમ મોદીએ કહ્યું કે એ પણ એક સુખદ સંયોગ છે કે આજે સોમનાથ મંદિરની સ્વાભિમાન યાત્રાના ૧,૦૦૦ વર્ષ પૂર્ણ થયા છે, તેમજ ૧૯૫૧માં તેના પુનર્નિર્માણના ૭૫ વર્ષ પૂર્ણ થયા છે. હું સોમનાથ સ્વાભિમાન પર્વ પર વિશ્વભરના લાખો ભક્તોને મારી હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

**રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સનું પ્રધાનમંત્રી મોદીએ કર્યું ઉદ્ઘાટન**

# ભારતમાં વિદેશી રોકાણકારાનો વિશ્વાસ વધ્યો : મોદી








**૨૧મી સદીનો ૧/૪ હિસ્સો પસાર થઈ ચૂક્યો છે, ભારત વિશ્વનું ત્રીજા નંબરનું ઇકોનોમી બનવા જઇ રહ્યું છે : મોદી**







(સંપૂર્ણ સમાચાર સેવા)

**રાજકોટ, તા.૧૧**

રાજકોટમાં પીએમ મોદીએ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટનું ઉદ્ઘાટન કર્યું. જ્યાં ૪૦ દેશના ૩૫૦ જેટલા વિદેશી ડેલિગેટ્સ હાજર રહ્યા. દેશભરથી પણ ઉદ્યોગકારો આ સમિટમાં જોડાયા હતા. ત્યારે હવે કચ્છ-સૌરાષ્ટ્રમાં રોકાણ અને બિઝનેસની કેવી તકો ઉભી થઈ છે તે વિશે પ્રધાનમંત્રીએ પોતાના સંબોધનમાં જણાવ્યું.

પીએમ નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, ૨૦૨૬ ના આરંભ બાદ આ મારો પહેલો ગુજરાત પ્રવાસ છે. સુખદ એટલા માટે છે કે, ૨૦૨૬ની મારી યાત્રા સોમનાથ દાદાના ચરણોમા શિશ ઝુકાવીને થઈ. હવે હું રાજકોટમાં શાનદાર કાર્યક્રમમાં છું. વિકાસ અને વિરાસત પણ. આ મંત્ર ચારેતરફ ગુંજી રહ્યો છે. અહી પધારેલા તમામ લોકોનું વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં સ્વાગત કરું છું. જ્યારે પણ આ મંચ સજે છે, ત્યારે મને માત્ર સમિટ નથી દેખાતી. મને ૨૧ મી સદીના આધુનિક ભારતની યાત્રા નજર આવી છે. જે સપનાથી શરૂ થઈ, અને આજે એક અતૂટ ભરોસા સુધી પહોંચી છે. બે દાયકાની આ યાત્રા ગ્લોબલ બેન્ચમાર્ક બની છે. તેની ૧૦ એડિશન થયા છે. દરેક એડિશન સાથે તેની ઓળખ અને ભૂમિકા મજબૂત બની છે. મારો હેતુ દુનિયાના સામ્યર્થ સાથે દુનિયા પરિચિત બને, અહી આવે અને તેઓ ઈન્વેસ્ટ કરે. તેનાથી ભારત અને ઈન્વેસ્ટર્સને ફાયદો થાય. આજે આ સમિટ ગ્લોબલ ગ્રોથ, ઈન્ટરનેશનલ કોર્પોરેશન અને પાર્ટનરશિપનું મનજબૂત પ્લેટફોર્મ બન્યું છે. ગત વર્ષોમાં આ પાર્ટનરની સંખ્યા સતત વધતી ગઈ છે.

પ્રધાનમંત્રીએ આગળ કહ્યું કે, ૨૧મી સદીની ૧/૪ હિસ્સો પસાર થઈ ચૂક્યો છે. ભારત વિશ્વનું ત્રીજા નંબરનું ઈકોનોમી બનવા જઈ રહ્યું છે. ભારત મિલ્ક પ્રોડકશનમાં અને જેનેરીક પ્રોડક્શનમાં નંબર ૧ છે. વેક્સીન બનાવવામાં પણ નંબર ૧ છે. છેલ્લા ૧૧ વર્ષમાં ભારત દુનિયાનું સૌથી મોટું મોબાઈલ કન્ઝ્યુમર બન્યું છે. ભારત રિયલ ટાઈમ UPI ઉપયોગ કરતો દેશ બન્યો છે. પહેલા ભારતમાં ૧૦ માંથી ૯ મોબાઈલ વિદેશથી આવતા હતા. આજે આપણે ભારતમાં મોબાઈલના ઉત્પાદક બન્યા છીએ. મેટ્રોના નેટવર્કમાં આપણે ટોપ-૩ માં સામેલ છીએ. ભારતમાં આજે પોલિટિકલ સ્ટેબિલિટી છે એટલે રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, આજ સમય સાચો સમય છે. હું લાલ કિલ્લા પરથી બોલ્યો હતો. સૌરાષ્ટ્ર-કચ્છમાં રોકાણનો આ જ સાચો સમય છે. તેમણે કચ્છના ભૂકંપને યાદ કરતા કહ્યું કે, એક સમયે કચ્છમાં પીવાનું પાણી ન મળતું. કચ્છ અને સૌરાષ્ટ્રમાં લોકો રહેવા માંગતા નહોતા. સમય બદલે છે અને જરૂર બદલે જ છે. સૌરાષ્ટ્ર અને કચ્છના લોકોએ પરિશ્રમ થઈ ભાગ્ય બદલ્યું છે. ભારતને ગ્લોબલ બનાવવા સૌરાષ્ટ્ર અને કચ્છનો મહત્વનો ફાળો છે. રાજકોટમાં ૨.૫ લાખ સ્જીસ્ઈ છે. સ્ક્રુ પાર્ટથી લઈને રોકેટ સુધીના પાર્ટ્સ રાજકોટમાં બને છે. રાજકોટનો જ્વેલરી ઉદ્યોગ પોતાની રીતે જ વિશ્વ વિખ્યાત છે. અલંગ દુનિયાનું સૌથી મોટું શિપ બ્રેકીંગ યાર્ડ છે. એક સમયે સૌરાષ્ટ્રના લોકો મારા વાળ ખેંચી લેતા. હું કહેતો કે, સૌરાષ્ટ્રમાં મોરબી, જામનગર અને રાજકોટનું આ ત્રિકોણ એક સમયે જાપાન બનશે. તો મારી મજાક કરવામાં આવી હતી.

હવે કચ્છમાં ૩૦ ગીગા વોટનો હાઈબ્રીડ એનર્જી પાર્ક બની રહ્યો છે. આ પાર્ક પેરિસ સિટી કરતા પણ મોટો પાર્ક છે. કચ્છ અને જામનગરમાં ગ્રીન હાઈડ્રોજનના મોટા પાર્ક બની રહ્યા છે. રીંયુએબલ એનર્જીની સાથે ગ્રીડ સ્ટેબિલિટી સ્થપાઈ છે. ભારતના એક્સપોર્ટનો સૌથી મોટો હિસ્સો અહીંથી જ થાય છે. કચ્છ અને મુન્દ્રાથી જ મોટાભાગનું એક્સપોર્ટ થાય છે. દેશમાં વિશ્વની બે યુનિવર્સિટી પણ આવી રહી છે.

પીએમ મોદીએ આ વાત આગળ વધારતા કહ્યું કે, લોથલ ભારતની ૪૫૦૦ વર્ષ જૂની હેરિટેજ સંપત્તિ મળી છે. શિવરાજપુર બ્લુ ફ્લેગ પણ પ્રવાસન માટે મહત્વનો છે. રવાન્ડાને મેં ૧૫૦ ગીર ગાય મેં આપી હતી. રવાન્ડાના પ્રતિનિધિએ કહ્યું, આજે ઘરે ઘરે ગીરની ગાય રવાન્ડામાં છે. ગાયને વાછરડી જન્મે તો પરત આપવાની અને તે અમે બીજા પરિવારને આપીએ છીએ. ભારતની પાવર ડિમાન્ડ સતત વધી રહી છે. સૌથી વધુ જરૂરિયાત ન્યુક્લિયર પાવરમાં છે. સિવિલ ન્યુક્લિયર એનર્જીને આપણે ઓપન કરી છે. ભારતની રીફોર્મ જર્ની હવે રોકાવાની નથી. સૌરાષ્ટ્ર અને કચ્છના વિકાસમાં તમે જોડાવા આવ્યા છો. ગુજરાત સરકાર અને ગુજરાત ટીમને હું અભિનંદન આપું

## રાજકોટમાં મુકેશ અંબાણીની મોટી જાહેરાત

# રિલાયન્સ ગુજરાતમાં ૫ વર્ષમાં ૭ લાખ કરોડનું રોકાણ કરશે

**મુકેશ અંબાણીએ કહ્યું કે, રિલાયન્સ એક ગુજરાતી કંપની છે, ગુજરાત અમારી આત્મા છે, ગુજરાત અમારું શરીર છે**







(સંપૂર્ણ સમાચાર સેવા)

**રાજકોટ, તા.૧૧**

રાજકોટમાં ૧૧ અને ૧૨ જાન્યુઆરીના રોજ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC)નું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સનું પીએમ નરેન્દ્ર મોદીના હસ્તે આજે રવિવાર (૧૧ જાન્યુઆરી)એ ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે દેશ-વિદેશમાંથી મોટા-મોટા ઉદ્યોગપતિઓ રાજકોટ પહોંચ્યા હતા તો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL)ના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર મુકેશ અંબાણી પણ આ સમિટમાં ભાગ લેવા માટે રાજકોટ પહોંચ્યા હતા.વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સના ઉદ્ઘાટન દરમિયાન મંચ પરથી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (RIL)ના ચેરમેન અને મેનેજિંગ ડાયરેક્ટર મુકેશ અંબાણીએ ખૂબ જ પ્રેરણાદાયી વાતો કરી. પોતાની સ્પીચની શરૂઆત તેમણે "જય સોમનાથ" સાથે કરી. તેમણે કહ્યું કે, હું રાજકોટને સલામ કરું છું, તે ખરેખર ગુજરાતનું કિંગ છે. ગાંધીનગરમાં વાઈબ્રન્ટ ગુજરાતના ૨૦ વર્ષ પછી ઐતિહાસિક શહેર એવા રાજકોટમાં રિજનલ વાઈબ્રન્ટમાં ભાગ લેવો એ મારા માટે ગર્વની વાત છે. હું સૌરાષ્ટ્રની ભૂમિને નમન કરું છું. મારા પૂજ્ય પિતા ધીરુભાઈ અંબાણી સૌરાષ્ટ્રની ધરતીના પુત્ર હતા અને તેમનો જન્મ ચોરવાડમાં થયો હતો.

મુકેશ અંબાણીએ કહ્યું કે, રિલાયન્સ એક ગુજરાતી કંપની છે. ગુજરાત અમારી આત્મા છે, ગુજરાત અમારું શરીર છે. હું આજે તમારી સમક્ષ ૫ વચનો સાથે ઉભો છું. મુકેશ અંબાણીએ મોટી જાહેરાત કરતા કહ્યું કે, છેલ્લા પાંચ વર્ષમાં અમે ગુજરાતમાં ૩.૫ લાખ કરોડ રૂપિયાથી વધુ રોકાણ કર્યું છે. આજે હું ખુશીથી જણાવું છું કે આગામી ૫ વર્ષમાં અમે આ રોકાણ બમણું એટલે ૭ લાખ કરોડ રૂપિયા સુધી લઈ જઈશું.આ સાથે જ તેમણે જણાવ્યું કે , જામનગરમાં વર્લ્ડની સૌથી મોટી ક્લિન એનર્જી ઈકો સિસ્ટમ ઉભી કરી રહ્યા છીએ. ગુજરાતને દેશનું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું પોયોનિયર બનાવીશું. જામનગરમાં અમે ભારતનું સૌથી મોટું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) તૈયાર ડેટા સેન્ટર બનાવી રહ્યા છીએ. આનો એકમાત્ર ઉદ્દેશ છે—દરેક ભારતીયને સસ્તું AI આપવાનો છે. જિયો ટૂંક સમયમાં ભારત માટે બનેલું, ભારતના લોકો માટે બનેલું એક નવું પીપલ-ફર્સ્ટ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ લોન્ચ કરશે. આ પ્લેટફોર્મ દ્વારા ગુજરાતથી શરૂ કરીને દરેક નાગરિક પોતાની ભાષામાં, પોતાના ફોન પર રોજ AIની સેવા મેળવી શકશે. આનાથી લોકો વધુ કાર્યક્ષમ અને ઉત્પાદક બનશે.

તેમણે કહ્યું કે, અમે દેશની ઓલિમ્પિક એમ્બિશનમાં સહભાગીદાર બનીશું. ૨૦૩૬ની ઓલિમ્પિક માટે ગુજરાત સરકારની સાથે મળીને નારણપુરાના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સને મેનેજ કરીશું અને ભારતના ભાવિ ચેમ્પિયનને ટ્રેનિંગ આપીશું. કચ્છને લઈને તેમણે કહ્યું કે, કચ્છ ગ્લોબલ ક્લીન એનર્જીનું હબ બનશે.

વર્લ્ડ ક્લાસ હોસ્પિટલ બનાવવાની જાહેરાત કરતા મુકેશ અંબાણીએ કહ્યું કે, અમે ગુજરાતના જામનગરમાં વર્લ્ડ ક્લાસ હોસ્પિટલ બનાવીશું.

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# ગ્રીનલેન્ડને પોતાના કબ્જામાં લેવાની ડોનાલ્ડ ટ્રમ્પની ડંફાસ






**ટ્રમ્પની રશિયા અને ચીનના પગલાં ગ્રીનલેન્ડમાં નહીં પાડવા ઉપરાંત અહીં પડેલા સમૃદ્ધ ખનિજ તત્ત્વો અને ધાતુઓ, ઈલેક્ટ્રોનિક વ્હિકલ અને બેટરી બનાવવા માટે ઉપયોગી ૩૪ કાચી સામગ્રી, વળી, ખનિજ તેલ, ગેસ તથા ગ્રેફાઈટ, તાંબું, નિકલ, ઝિંક ઉપરાંત સોનું, હીરા, ટાઈટેનિયમ અને ટંગ્સ્ટન અને યુરેનિયમ જેવી ધાતુખનિજોના ભંડાર ઉપર નજર**

ડોનાલ્ડ ટ્રમ્પને ગ્રીનલેન્ડમાં રસ છે અને પહેલાં કાર્યકાળ દરમિયાન પણ તેમણે આ ટાપુ ખરીદી લેવાની વાત ઉચ્ચારી હતી. એ વખતે આ સોદાને મોટી એસ્ટેટની ડીલ તરીકે આગળ કરી હતી અને ડેન્માર્કને આ ટાપુ સાચવવાની આપદામાંથી મુક્ત કરવાની ડંફાસ પણ મારી હતી. છેલ્લા થોડા દિવસોમાં એકથી વધુવાર ટ્રમ્પ અને તેમના વહીવટ તંત્રના વરિષ્ઠોએ વારંવાર ગ્રીનલેન્ડને અમેરિકાની આણ હેઠળ લઈ આવવાની વાત ઉચ્ચારી છે. ટ્રમ્પ એક પણ ગોળી ચલાવ્યા વિના ગ્રીનલેન્ડને અમેરિકા હેઠળ લાવી શકે છે. અખંડ યુનાઈટેડ સ્ટેટ્સમાં ક્યાં રાષ્ટ્રોની કલ્પના ટ્રમ્પે કરી છે, એ તો તેઓ જ જાણે પણ ભૌગોલિક દૃષ્ટિએ ઉત્તર અમેરિકાનો હિસ્સો એવો વિશ્વનો સૌથી મોટો આ ટાપુ યુરોપનો ભાગ ગણાય છે અને આ સ્વાયત્ત ક્ષેત્ર પર કિંગ્ડમ ઓફ ડેન્માર્કનું નિયંત્રણ છે. ડેન્માર્ક નાટોનું સભ્ય રાષ્ટ્ર છે અને તેની પાસે પોતાનું ૧૬,૦૦૦ સૈનિકોનું સૈન્ય છે, એ જોતાં અમેરિકા માટે ગ્રીનલેન્ડ પર કબજો કરવાનું મુશ્કેલ નહીં હોય. અમેરિકન પ્રેસિડન્ટ હેરી ટ્રુમેને ૧૯૪૬માં ૧૦૦ મિલિયન ડોલરની કિંમતનું સોનું આપી ડેન્માર્ક પાસેથી ગ્રીનલેન્ડ ખરીદવાની ઓફર કરી હતી, જે નકારી કાઢવામાં આવી હતી. ત્યારથી અમેરિકાનો ડોળો આ ટાપુ પર છે. ટ્રમ્પને આ ટાપુમાં રસ છે, કેમ કે, તેની એકતરફ એટલાન્ટિક મહાસાગર છે અને બીજી બાજુ આર્કટિક ઓશન છે. ગ્લોબલ વોર્મિંગ ક્લાયમેટ ચેન્જને કારણે આર્કટિક મહાસાગરમાંના ગ્લેશિયર્સ અને આઈસ શીટ્સ પીગળી રહ્યા છે, જેના કારણે નવા શાપિંગ રૂટ બનવાની શક્યતાઓ ઊભી થઈ છે, જેના કારણે વેપારમાં સુગમતા વધી શકે છે. વળી, રશિયા અને ચીને આર્કટિક મહાસાગરમાં નવા વેપારી માર્ગ વિકસાવવાની તૈયારી દેખાડી છે. ચીન અને રશિયાનો પગ અહીં પડ્યો તો એ અમેરિકા માટે સંરક્ષણની દૃષ્ટિએ મોટું જોખમ છે. આથી અમેરિકા આ વેપારી માર્ગ પર ઈજારો સ્થાપવા થનગની રહ્યું છે. આ વ્યૂહાત્મક મહત્ત્વ ઉપરાંત ગ્રીનલેન્ડ ખનિજ તત્ત્વો અને ધાતુઓથી સમૃદ્ધ છે. ઈલેક્ટ્રોનિક વ્હિકલ અને બેટરી બનાવવા માટે ઉપયોગી ૩૪ કાચી સામગ્રીમાંથી ૨૫ અહીં મળી આવે છે. વળી, ખનિજ તેલ, ગેસ તથા ગ્રેફાઈટ, તાંબું, નિકલ, ઝિંક ઉપરાંત સોનું, હીરા, ટાઈટેનિયમ અને ટંગ્સ્ટન અને યુરેનિયમ જેવી ધાતુખનિજોનો ભંડાર પણ છે. હાલ આ ક્રિટિકલ રોમટિરિયલનું વિશ્વનું સૌથી મોટું નિકાસકાર ચીન છે.

# શ્રીમદ્ ભગવદ્ ગીતાના પહેલા અધ્યાયનું માહાત્મ્ય

એકવાર ભગવાન શ્રીહરિ વૈંકુઠલોકમાં શેષ શય્યા ઉપર આંખો બંધ કરીને મનમાં હાસ્ય સાથે સૂતા હતા અને માતા લક્ષ્મીજી તેમના ચરણોની સેવા કરી રહ્યા હતાં તે સમયે દેવી લક્ષ્મીએ ભગવાનને પ્રશ્ન પુછ્યો કે ભગવાન આપ તમામ જગતના પાલનહાર હોવા છતાં પોતાના ઐશ્વર્યના પ્રત્યે ઉદાસીન બનીને આ ક્ષીર સાગરમાં ઊંઘ લઈ રહ્યા છો તેનું કારણ શું છે? શ્રીહરિએ પુનઃ હાસ્ય સાથે કહ્યું કે હે પ્રિયે! હું ઊંઘી નથી રહ્યો પરંતુ પોતાની અંતઃ દ્રષ્ટિથી પોતાના તે તેજનો સાક્ષાત્કાર કરી રહ્યો છું, જેનો યોગીઓ પોતાની દ્રષ્ટિથી દર્શન કરે છે. જે શક્તિને આધિન આ સમગ્ર સંસાર છે. હું જ્યારે તેનું મનથી દર્શન કરૂં છું ત્યારે એવું લાગે છે કે હું નિંદમાં ડૂબેલો હોઉં પરંતુ એવું હોતું નથી. ભગવાને આટલી રહસ્યમય રીતે વાત કરી તો માતા લક્ષ્મીજીને કેટલીક વાત સમજમાં આવી તો કેટલીક વાતો સમજાઈ જ નહીં. માતાજીએ ફરીથી પ્રશ્ન કર્યો કે હે નાથ! આપના સિવાય પણ કોઈ અન્ય શક્તિ છે કે જેનું આપ ધ્યાન કરો છો? આ વાતથી મને નવાઈ લાગે છે. ભગવાને કહ્યું કે દેવી! આ વાતને સારી રીતે સમજવા માટે આપે ગીતાના રહસ્યને સમજવું પડશે. ગીતાના તમામ અધ્યાય મારા શરીરના અંગ છે જેની આપ સેવા કરો છો. ગીતાના શરૂઆતના પાંચ અધ્યાયને મારા પાંચ મુખ જાણો. છઠ્ઠાથી પંદરમા સુધીના દશ અધ્યાય એ મારી દશ ભુજાઓ સમજો. સોળમો અધ્યાય મારૂં ઉદર છે જ્યાં ક્ષુધા શાંત થાય છે. અંતિમ બે અધ્યાય મારા ચરણ છે. આમ અઢાર અધ્યાય એ મારી ઈશ્વરીય મૂર્તિ સમજવી જોઈએ. તેને જાણવા માત્રાથી પાપનો નાશ થાય છે. ભગવાને ગીતાના અધ્યાયની આવી વ્યાખ્યા કરી તો માતા લક્ષ્મીજીની ઉત્સુકતા વધી ગઈ, ભગવાનને ખબર પડી ગઈ કે દેવીના મનમાં શું ચાલી રહ્યું છે.

શ્રીહરીએ કહ્યું કે દેવી! જે વ્યક્તિ ગીતાના એક અધ્યાય અથવા એક શ્લોકનું નિયમિત પાઠ કરે છે તે સુશર્માની જેમ તમામ પાપોથી મુક્ત થઈ જાય છે ત્યારે લક્ષ્મીજીએ સુશર્માની કથા સાંભળવાની ઈચ્છા વ્યક્ત કરી કે સુશર્મા કોન હતો? કંઈ જ્ઞાતિનો હતો? અને કયા કારણે તેની મુક્તિ થઈ? ભગવાને કહ્યું કે સુશર્મા નામનો એક ઘોર પાપી હતો તેનો જન્મ એક વૈદિક જ્ઞાન વગરના અને ક્રુર કર્મો કરનારાના કૂળમાં થયો હતો. તે હંમેશાં ભોગવિલાસમાં ડુબેલો રહેતો હતો. માંસાહાર અને મદિરાપાનથી જીવન પસાર કરતો હતો. એક દિવસ સાપ કરડવાથી તેનું મૃત્યુ થાય છે. મૃત્યુ બાદ તેને નરકમાં અનેક યાતનાઓ સહન કરીને પછી પૃથ્વી ઉપર બળદના રૂપે જન્મ લે છે. પોતાના માલિકની સેવા કરતાં કરતાં આઠ વર્ષ વિતી ગયા, તેને ઓછું ભોજન આપવામાં આવતું હતું અને સખત પરિશ્રમ કરવો પડતો હતો. એકવાર બળદ મુર્છિત થઈને બજારમાં પડી જાય છે. આ જોઈને બજારમાં અનેક લોકો ભેગા થઈ જાય છે અને બળદનું આગળનું જીવન સુધરે તે માટે પોતાના ભાગનું પુણ્ય અર્પણ કરે છે, આ ભીડમાં એક વેશ્યા આવે છે તેને પાપપુણ્યની ખબર નથી તેમ છતાં સંકલ્પ કરે છે કે મેં જીવનમાં કોઈ પુણ્ય કર્યું હોય તો તેનું ફળ આ બળદને મળે. બળદ મર્યા પછી યમલોકમાં જાય છે. બળદના ખાતામાં જમા પુણ્યનો હિસાબ થાય છે ત્યારે એક આશ્ચર્યજનક વાત સામે આવે છે જેને આલોકના કોઈ વ્યક્તિને કહેવામાં આવે તો કોઈ વિશ્વાસ જ ન કરે.


બળદના પુણ્ય ખાતામાં સૌથી વધુ પુણ્ય વેશ્યાએ અર્પણ કરેલ દાનનું હતું. વેશ્યાએ આપેલ પુણ્ય દાનથી



ગીતામૃતમ્

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ
(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

બળદને નરકલોકમાં મુક્તિ મળે છે અને આ પુણ્યફળના લીધે તેને માનવરૂપમાં જન્મ મળે છે અને મનુષ્ય જન્મ આપતાં પહેલાં તેની શું ઈચ્છા છે તે પુછવામાં આવે છે. આવું સૌભાગ્ય કરોડોમાં કોઈ ધર્માત્માને જ મળે છે.




માનવના રૂપમાં જન્મ લેતા પહેલાં તે માંગે છે કે હે પ્રભુ! બળદની યોનિ મને મારા પૂર્વના કર્મોના ફળ ભોગવવા દંડના રૂપે મળી હતી એટલે મારી ઈચ્છા છે કે મનુષ્ય જન્મ મળ્યા પછી હું એવા કોઈ કર્મ ન કરૂં કે જેનાથી મારૂં ભાવિ ખરાબ થાય. પરમાત્માએ કહ્યું કે તો તારી શું ઈચ્છા છે? ત્યારે તેને કહ્યું કે મને એવી શક્તિ પ્રદાન કરો કે મને પુર્વજન્મની સ્મૃતિ યાદ રહે જેનાથી હું કોઈ ખરાબ કર્મો ન કરૂં. પરમાત્માએ તેની ઈચ્છાનો સ્વીકાર કર્યો અને તેની ઈચ્છા પૂર્ણ કરી. મનુષ્ય જન્મ મળ્યા પછી સૌથી પહેલાં તેની ઉપર જેને ઉપકાર કર્યા હતા તેનો બદલો ચુકવવાનો નિર્ણય કર્યો.

પૃથ્વી પર આવીને પ્રથમ જેના પુણ્યથી તેને મુક્તિ મળી હતી તે વેશ્યાને શોધવા નીકળે છે અને તે વેશ્યાને મળીને તમામ હકીકત કહે છે કે હે દેવી! આપ ધન્ય છો. આપ જે કર્મ કરો છો તે તો નીચ કર્મ કહેવાય છે તેમ છતાં આપણી પાસે આટલા સંચિત પુણ્ય કેવી રીતે ભેગા થયા તે નવાઈની વાત છે. હું એ જાણવા માગું છું કે આપે કયું પુણ્ય મને અર્પણ કરેલું કે જેના લીધે મને નરકલોકમાંથી મુક્તિ મળી? વેશ્યાએ એક પોપટની તરફ ઈશારો કરીને કહ્યું કે આ પોપટ દરરોજ કંઈક બોલે છે તેને સાંભળીને મારૂં મન પવિત્ર થઈ ગયું છે અને તે પુણ્ય મેં તમોને અર્પણ કર્યું હતું. વેશ્યાની વાત સાંભળીને સુશર્માને વધુ નવાઈ લાગે છે કે એક સ્ત્રીએ મને જે પુણ્યફળનું અર્પણ કર્યું કે જેના વિશે તેને પોતાને કશી જ ખબર નથી અને તે પુણ્યનો એટલો પ્રભાવ છે કે જેનાથી મારી અધમ યોનિ છૂટી ગઈ.

સુશર્માએ આદરપૂર્વક એ પોપટને પ્રણામ કર્યા અને તેના જ્ઞાનનું રહસ્ય પુછ્યું ત્યારે પોપટે તેના પૂર્વ જન્મની કથા કહી. પોપટે કહ્યું કે હું પૂર્વજન્મમાં વિદ્વાન હોવાની સાથે સાથે અભિમાની હતો અને તમામ વિદ્વાનો પ્રત્યે ઈર્ષા રાખતો હતો, તેમનું અપમાન અને અહીત કરતો હતો. મારા મૃત્યુ પછી હું અનેક લોકોમાં ભટકતો રહ્યો પછી મને પોપટની યોનિ મળી પરંતુ જૂના પાપોના લીધે બાળપણમાં જ મારા માતા-પિતાનું મૃત્યું થયું. એકવાર રસ્તામાં હું બેભાન થઈને પડ્યો હતો ત્યારે દૈવયોગે ત્યાંથી ઋષિમુનીઓ પસાર થાય છે. મને આવી અવસ્થામાં જોઈને તેમને દયા આવે છે અને મને પોતાની સાથે લઈ જાય છે. આશ્રમમાં આવીને મને એક પિંજરામાં પુરી જ્યાં વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે છે ત્યાં મુકી દે છે. હું ત્યાં સમગ્ર ગીતાનું જ્ઞાન શિખ્યો. સાંભળતાં સાંભળતાં ગીતાનો પ્રથમ અધ્યાય મને કંઠસ્થ થઈ ગયો. શ્રીમદ્ ભગવત ગીતાના બીજા અધ્યાયો મને શિખવા મળે ત્યાર પહેલાં એક શિકારીએ મને આશ્રમમાંથી ચોરી લઈ આ દેવીને વેચી દીધો. હું મારા સ્વભાવવશ આ દેવીને દરરોજ ગીતાના શ્લોક સંભળાવતો હતો અને તે પુણ્ય આ દેવીએ આપને અર્પણ કરેલું જેના ફળસ્વરૂપે આપની નરકની યાતનામાંથી છૂટકારો મળી મનુષ્યનો જન્મ મળ્યો છે. શ્રીહરિએ લક્ષ્મીજીને કહ્યું કે દેવી.. જે મનુષ્ય ગીતાનો એક અધ્યાય વાંચે છે કે સાંભળે છે તેને ભવસાગર પાર કરવામાં કોઈ તકલીફ પડતી નથી. ભગવાને શ્રીમદ્ ભગવત ગીતાના વિભિન્ન અધ્યાયને પોતાના શરીરના અંગ બતાવી કહ્યું કે ગીતામાં સાક્ષાત મારો વાસ છે. ગીતાનો સ્પર્શ કરવાનો અર્થ છે આપ શ્રીનારાયણના અંગોનો સ્પર્શ કરી રહ્યા છો. ભગવાનનો સ્પર્શ કરીને સોગંદ લેવાથી કોઈ અસત્ય નહીં બોલે આવા વિશ્વાસથી કોર્ટમાં ગીતા ઉપર હાથ મુકીને સોગંદ લેવામાં આવે છે. કર્મની વ્યાખ્યા સમજાવતાં ગીતા આપણને શિખવાડે છે કે વ્યવહારમાં મનુષ્યનું જીવન કેવું હોવું જોઈએ? અસત્ય બોલવું, લાલચ અને મોહમાં પડીને પોતાના નજીકના સંબંધીઓ મિત્રોને અયોગ્ય સલાહ આપવી અને ધર્મના વિરૂદ્ધ આચરણ કરવાથી મનુષ્યનું એકલાનું નહીં પરંતુ સમગ્ર કૂળના નાશનું કારણ બને છે. ગીતાજીની આજ્ઞાઓને ભગવાનની આજ્ઞા સમજવી, ગીતાથી અધિક કોઈ શાસ્ત્ર નથી, તેની મહત્તા વેદ કરતાં વધુ છે તેનું અર્થ અને ભાવસહિત મનન કરવું. ગીતા અમોને આસક્તિ અહંતા મમતાનો ત્યાગ શિખવે છે.

# શ્રી સોમનાથ જ્યોર્તિલિંગની કથા

સોમ એટલે ચંદ્ર અને ચંદ્રે જે જગ્યાએ નાથ કહીને ભગવાન શિવનું તપ કર્યું અને ભગવાન શિવ પ્રગટ થયા તે સોમનાથ.

શિવનો અર્થ છે કલ્યાણ. તમામનુંકલ્યાણ થાય એવો ભાવ આત્મસાત કરવો. તમામનું મંગલ થાય તેવી કામના કરે તો જીવ શિવમય બની જાય. પોતાના આત્મામાં એવા શિવત્વને પ્રગટ કરવાની સાધનાને શિવપૂજા કે શિવદર્શન કહેવાય છે. શિવાલયના નિજ મંદિરમાં જે શિવલિંગ હોય છે તેને આત્મલિંગ કે બ્રહ્મલિંગ કહે છે. અહીં વિશ્વકલ્યાણ નિમગ્ન બ્રહ્માકાર વિશ્વાકાર પરમ આત્મા જ સ્થિત હોય છે. હિમાલય જેવું શાંત મહાન સ્મશાન જેવું સુમસામ શિવરૂપ આત્મા જ ભયંકર શત્રુઓની વચ્ચે રહી શકે છે અને તે જ કાલાતીત મહાકાલ કહેવાય છે અને તે જ સંતોષી તપસ્વી અપરિગ્રહી જીવન સાધનાનાં પ્રતિક છે. સોમનાથ મહાદેવનું મંદિર ગુજરાતના ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ પ્રદેશમાં સોમનાથ શહેરમાં સૌરાષ્ટ્રના સાગરકાંઠે આવેલું છે. ભગવાન શિવના બાર પવિત્ર જયોતિર્લિંગમાંનું પ્રથમ જયોતિર્લિંગ છે. મંદિરની ખ્યાતિથી લલચાઈને લુંટ તથા ધર્માંતરણ કરવાને ઈરાદે આવેલા અનેક વિનાશકારી વિદેશી આક્રમણકારો સામે સોમનાથનું આ મંદિર અડીખમ રહ્યું છે. મંદિરનો જ્યારે જ્યારે વિનાશ કરવાનો પ્રયત્ન થયો છે ત્યારે ત્યારે તેને ફરીને બાંધવામાં આવ્યું છે.

આ જગ્યાનો ઈતિહાસ જોઈએ તો એકવાર અત્રિઋષિ અને અનસૂયા શાંતિથી બેસીને જીવશિવની લીલા વિશે ચર્ચા કરતા હતા. ઘણાં લોકો ભૌતિકસુખ, પુણ્ય, જીવન વિકાસ અને મોક્ષ માટે તપ કરતા હોય છે. અત્રિઋષિ અને અનસૂયા માનવજાતિના વિકાસ માટે, જગતમાં સુખ-શાંતિ અને સમાધાન માટે પુત્રની ઈચ્છા હતી અને તેના માટે તેઓ તપશ્ચર્યા કરે છે. ભગવાન શિવની કૃપાથી તેમને પુત્ર થાય છે જેનું ચંદ્ર નામ રાખવામાં આવે છે. માતા-પિતાના ગુણો ચંદ્રમાં આવે છે. ચંદ્ર મોટો થતાં માતા અનસૂયા તેને સુશિલ અને સુસંસ્કૃત કન્યા સાથે લગ્ન કરી લેવા આગ્રહ કરે છે. ચંદ્રના મનમાં કોઈ સ્ત્રી શરીર સાથે નહીં પણ જે તેની બુદ્ધિ પ્રતિભાને સમજી શકે, પોતાના વ્યક્તિત્વથી ધર્મકાર્યમાં સહકાર આપે તેવી સર્વગુણ સંપન્ન પત્ની જોઈતી હતી. એકવાર ચંદ્ર જંગલમાં ફરતો હતો ત્યારે તેના કરતાં પણ સુંદર કન્યા મળે છે. એકબીજા સાથે વાતચીત થાય છે. ચંદ્ર પુછે છે કે શું તમે પરણેલા છો? ત્યારે કન્યા કહે છે કે પરણવું એટલે શું? અનિ અને બ્રાહ્મણની સાક્ષીએ જોડાણ થાય તેને લગ્ન કહેવાય? પરણવું એટલે એકબીજામાં સમાઈ જવું. પ્રેમની ચરમસીમા વિલિનીકરણમાં છે. બે શરીરના લગ્ન એ લગ્ન નથી. પુરૂષ પાસે વૈભવ હોય, શૂરવીર હોય, સૌંદર્યવાન અને સર્વગુણસંપન્ન હોવો જોઈએ.


કન્યા કહે છે કે આવો સર્વગુણસંપન્ન અત્રિઋષિનો પુત્ર ચંદ્ર છે તેવું મે મહાપુરૂષોના મુખેથી સાંભળ્યુંછે, તેની સાથે મારે લગ્ન કરવા છે. કન્યા કહે છે કે મારૂં નામ રોહિણી છે. હું દક્ષ પ્રજાપતીની પુત્રી છું. ચંદ્ર કહે છે કે વર્ષોથી તું જેનું ચિંતન કરે છે તે ચંદ્ર હું જ છું. ત્યારે રોહિણી કહે છે કે અમે સત્તાવીશ બહેનો દિલથી એક વિચારની, એકબીજા ઉપર પ્રેમ અને આત્મિયતાના કારણે અમે નક્કી કર્યું છે કે અમે એક જ પતિ સાથે પરણીશું. ત્યારે ચંદ્ર કહે છે કે તમારા જેવી સર્વગુણ સંપન્ન આદર્શ નારી મળતી હોય તો બાકીની છવ્વીસને પણ હું સ્વીકારીશ.

રોહિણી ચંદ્રને પોતાના પિતા દક્ષ પાસે લઈ જાય છે અને બંન્નેના માતા-પિતાની સંમત્તિથી ખુબ જ ઠાઠમાઠથી દક્ષરાજાની સત્તાવીશ કન્યાઓ સાથે ચંદ્રનાં લગ્ન કરવામાં આવે છે. ચંદ્ર પોતાની પત્નીઓને લઈને પોતાના ઘેર આવે છે. લગ્ન પછી સત્કૃત્યોની શરૂઆત થાય છે. રોહિણી તેના કામમાં ખભેખભો મિલાવીને સાથ આપે છે, ચંદ્રની કદર કરે છે. બાકીની છવ્વીસ પત્નીઓ ચંદ્રને પ્રેમ કરે છે પરંતુ ચંદ્રના કાર્યને સમજી શકતી નથી તેથી તેમનામાં મત્સર (પારકાની ચડતી સહન ન થતાં આવતી અદેખાઇ) ઉભો થયો અને તેમને લાગ્યું કે પતિનું ખેંચાણ આપણી તરફ નથી.

એકવાર દક્ષપ્રજાપતિ ચંદ્રના ઘેર આવે છે ત્યારે રોહિણી સિવાયની ૨૬ દિકરીઓ પિતાજીને ફરીયાદ કરે છે કે પિતાજી. અહીં સુખ છે, આનંદ છે, લીલાલહેર છે પરંતુ અમારા પતિનું અમારી તરફ ખેંચાણ નથી, અમારી ઉપેક્ષા થાય છે. દક્ષે ચંદ્રને બોલાવીને ઠપકો આપ્યો કે તમારા વિશે જે ફરીયાદ મળી છે તેવું ફરીથી ભવિષ્યમાં ન બને તેની કાળજી રાખજો. ચંદ્ર કહે છે કે હું સમજી વિચારીને આવું કરતો નથી પરંતુ મારા કાર્ય અને બુદ્ધિને ફક્ત રોહિણી જ સમજી શકે છે તેથી તેના પ્રત્યે ખેંચાણ વધુ રહે છે.

એકવાર ચંદ્રના જીવનમાં એક ઘટના બને છે. દેવતાઓના ગુરૂ બૃહસ્પતિની પત્ની તારાની તરફ ચંદ્રનું મન ખેંચાય છે ત્યારે રોહિણી સિવાઈની બાકીની પત્નીઓ ગુસ્સે થાય છે અને ચંદ્રનો તિરસ્કાર કરે છે તેથી ચંદ્રનું અન્ય પત્નીઓ તરફ ખેંચાણ ઓછું થાય છે. આખું જગત તિરસ્કાર કરે તો ચાલે પણ પત્ની આપણો તિરસ્કાર કરે તો તે અસહ્ય બને છે.

રોહિણી ઘણી સમજદાર હતી તેને ખબર હતી કે ચંદ્રમાં જગતને સુધારવાની શક્તિ છે. પ્રભુની કૃપા પ્રસાદીથી તે જગતમાં આવ્યો છે તેની કદાચ ભૂલ થઈ હશે. તે ચંદ્ર પાસે જઈને સમજાવે છે કે ગુરૂ બૃહસ્પતિની પત્ની તારા જેવી સ્ત્રી તમારા જેવા લોકોત્તર પુરૂષ પાછળ ગાંડી થાય તેમાં નવાઈ નથી પણ જગતમાં સૌંદર્ય અને શિતળતા લાવવા પ્રયાસ કરનાર તમે વિચાર કરો કે તમોને આ શોભે છે? અમે ૨૭ છીએ ૨૮મી લાવશો તો અમોને વાંધો નથી પરંતુ પરસ્ત્રી તરફ ખરાબ નજરે જોવું એ સારૂં ન કહેવાય. તમારા આ કાર્યથી કૌટુંબિક સૌંદર્ય, સ્વાસ્થ્ય, સમાધાન, શાંતિ અને શિતળતા તમે



ગુમાવી દેશો. ચંદ્રે પોતાની ભૂલની કબૂલાત કરી પાપ પ્રક્ષાલન કર્યું અને ફરીથી આવી ભૂલ ન કરવાની ખાત્રી આપી પરંતુ બાકીની ૨૬ પત્નીઓના તિરસ્કારથી તેમના વચ્ચેનું અંતર વધતું ગયું અને તેથી તેમને પિતા દક્ષને ફરીયાદ કરી. દક્ષ ગુસ્સે થયા અને ચંદ્રને કહ્યું કે તમે વચન આપ્યા પછી પણ મારી તમામ દિકરીઓને એક સરખી રીતે રાખતા નથી. ચંદ્રે દલીલ કરી કે એમાં મારા એકલાનો દોષ નથી. હું દિવસ રાત જે કાર્ય કરૂં છું તેમાં રોહિણી સિવાય બીજી કોઈને રત્તીભર રસ નથી. આવી ફક્ત હાડમાંસના પિંજરા જેવી પત્નીઓ ઉપર મને પ્રેમ કેવી રીતે થાય..!

દક્ષરાજા કહે છે કે લગ્ન વખતે તમે જે સોગંદ ખાધા હતા કે ધર્મે ચ અર્થે ચ કામે ચ નાતિચરામિ તે પાળી શક્યા નથી અને દક્ષે ગુસ્સામાં શ્રાપ આપ્યો કે તને કર્તૃત્વનો, બુદ્ધિમત્તાનો અને સૌંદર્યનો અહંકાર હોય તો જા. તે બધાને ક્ષય લાગશે, તૂં ક્ષયરોગી થશે. દક્ષના ગયા પછી ચંદ્રને લાગ્યું કે સૌંદર્ય, કતૃત્વશક્તિ જતી રહેશે તો મારાથી જગકલ્યાણના કામ થશે નહીં તેથી તે દક્ષ પાસે ગુનેગાર તરીકે જાય છે. પગે લાગીને કહે છે કે મારી ભૂલ થઈ છે. ચંદ્ર નિસ્તેજ બની જતાં તમામ પત્નીઓને પોતાની ભૂલ સમજાય છે કે શું કરવા ગઈ અને શું થઈ ગયું? તેઓ પણ પિતાજીને શ્રાપ પાછો ખેંચી લેવા વિનંતી કરે છે. દક્ષે કહ્યું કે શ્રાપ પાછો



ખેંચવાની શક્તિ મારામાં નથી. હવે શું કરવું? રોહિણી ચંદ્રને કહે છે કે તમારી શક્તિ અને પ્રભાને ક્ષય લાગ્યો છે. અત્રિ અને અનસુયાએ મહાન તપ કરીને જગતની સિકલ બદલવા શિવજી પાસેથી તમને મેળવ્યા હતા તે કાર્ય હવે થવાનું નથી. ચંદ્ર કહે છે કે આપણે બ્રહ્માજી પાસે જઈએ તે કોઈક રસ્તો બતાવશે.

ચંદ્ર અને રોહિણી બ્રહ્મા પાસે જાય છે. બ્રહ્માજી તેમને નિગ્રહાનુગ્રહ સમર્થ ભગવાન શિવજીની આરાધના કરવાનું કહે છે. રોહિણી અને ચંદ્રે પ્રભાસ ક્ષેત્રમાં ભગવાન શિવની આરાધના કરી. વર્ષોના તપ પછી શિવજી પ્રગટ થાય છે અને ચંદ્ર પર અનુગ્રહ કરી ચંદ્રની શક્તિમાં પંદર દિવસ વૃદ્ધિ અને પંદર દિવસ ક્ષય થશે એવા આર્શિવાદ આપ્યા. જે જગ્યાએ બ્રહ્માજીએ ભગવાન શિવની પ્રાણપ્રતિષ્ઠા કરવાનું કહ્યું તે સોમનાથ. ચંદ્રે જગતમાં અનેક સત્કાર્યો કર્યા, જગતમાં શિતળતા અને ભાવ વધારવા જીવન પસાર કર્યું અને જ્યારે તેને જગત છોડ્યું ત્યારે લોકોએ ચંદ્રની કદર કરી એક મહાન શિતળ ગોળો જે આકાશમાં ફરેછે તેને નામ આપ્યું ચંદ્ર અને ચંદ્ર જોડે જેણે સંસારનો સબંધ બાંધ્યો હતો તે ગમે તેવી પણ મહાન છે તે ચંદ્રની આસપાસ રહેતી નક્ષત્રમાલિકા. સત્તાવીસ માલિકાને પણ તેમનાં નામ આપ્યાં તે છે અશ્વિની ભરણી કૃત્તિકા રોહિણી મૃગ આર્દ્રા પુનર્વસુ પુષ્ય આશ્લેષા મઘા પૂર્વા ઉત્તરા હસ્ત ચિત્રા સ્વાતિ વિશાખા અનુરાધા જયેષ્ઠા મૂળ પૂર્વાષાઢા ઉત્તરષાઢા શ્રવણ ધનિષ્ઠા શતતારકા પૂવાભા ઉત્તરાભા અને રેવતી.. સોમ એટલે ચંદ્ર અને ચંદ્રે જે જગ્યાએ નાથ કહીને ભગવાન શિવનું તપ કર્યું અને ભગવાન શિવ પ્રગટ થયા તે સોમનાથ. જે જગ્યાએ પ્રભુકાર્ય કરવાવાળા ચંદ્રની ગુમાવેલ પ્રભા પરત મળી તે સ્થાન પ્રભાસ. પ્રાચીન માન્યતાઓ અનુસાર સત્યયુગમાં સોમરાજે સુવર્ણનું મંદિર બંધાવ્યું હતું. ત્રેતાયુગમાં રાવણે ચાંદીનું મંદિર બંધાવ્યું હતું અને દ્વાપર યુગમાં ભગવાન શ્રીકૃષ્ણએ ચંદનના લાકડાથી મંદિરનું નવ નિર્માણ કર્યું હતું. સાગર કિનારે આવેલા સંસ્કૃતમાં લખેલા શિલાલેખ પ્રમાણે મંદિર તથા પૃથ્વીના દક્ષિણ ધ્રુવની વચ્ચે ફક્ત સમુદ્ર જ આવેલો છે અને કોઈ જમીન નથી. અહીં જ બાજુમાં ભાલકાતીર્થ આવેલું છે જ્યાંથી ભગવાન શ્રીકૃષ્ણ તેમના નિજધામ ગયા હતા. અહીં તેમને પારધી દ્વારા તેના પગમાં રહેલાપદ્મને વીંધીને તેમને ઘાયલ કર્યા હતા. આ જ જગ્યાથી ભગવાન શ્રીકૃષ્ણના મોટા ભાઈ શ્રી બલરામ પણ અહીંથી પાતાળ લોક ગયા હતા. સોમનાથ મંદિરમાં પૂજા કરવા માટે એક હજાર બ્રાહ્મણો અને સોમનાથની યાત્રાએ આવતા યાત્રાળુઓના ક્ષોરકર્મહજામત કરવા માટે ત્રણસો હજામો રાખ્યા હતા. સોમનાથનો કેટલો વૈભવ હશે અને કેટલું મહાન પવિત્ર સ્થાન હશે તેની કલ્પના કરો. ત્યારપછી સમય જતાં ચંદ્રે ઉભો કરેલ ભાવ ઓછો થયો, શક્તિ ગઈ, વૈભવ ગયો. સંસ્કૃતિની શક્તિ નબળી પડતાં મહંમદ ગઝનીએ મંદિરને તોડીને વૈભવ લૂંટ્યો. આ બધી કથાનો અર્થ પણ સમજવો જોઈએ. ચંદ્રે ચાર પાપ કર્યા. વૃદ્ધનો અનાદર કર્યો, અનુભવવૃદ્ધ અને જ્ઞાન વૃદ્ધનો અનાદર ન કરવો જોઈએ. પ્રતિજ્ઞાનું પાલન ન કર્યું. પોતાના માનેલા સબંધીઓની સાથે પક્ષપાત કર્યો અને સ્ત્રીઓની ઉપર ભોગની નજર કરી. સ્ત્રી તરફ જોવાની નજર અતિ પવિત્ર હોવી જોઈએ. ધર્મ અને સંસ્કૃતિના કામ કરનાર લોકોમાં ઉપર બતાવેલ પાપ થાય છે ત્યારે તેમને ક્ષય લાગે છે એટલે કે તે ખલાસ થાય છે.

સરદાર વલ્લભભાઈ પટેલે ૧૩ નવેમ્બર,૧૯૪૭નાં રોજ મંદિરનું પુનઃ નિર્માણ કરવાની પ્રતિજ્ઞા કરી હતી. આજનાં સોમનાથ મંદિરનું તેની મૂળ જગ્યા પર સાતમી વખત નિર્માણ થયું. ૧૧ મે, ૧૯૫૧ના દિવસે મંદિરની પ્રાણપ્રતિષ્ઠા થઈ ત્યારે ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે જ્યોતિર્લિંગની પ્રતિષ્ઠા વિધી કરતાં કહ્યું હતું કે 'સોમનાથનું આ મંદિર વિનાશ પર નિર્માણના વિજયનું પ્રતિક છે.' સોમનાથ ટ્રસ્ટ હેઠળ મંદિરનું નિર્માણ થયું છે અને આ ટ્રસ્ટ હવે મંદિરની દેખરેખ કરે છે. સરદાર પટેલ આ ટ્રસ્ટનાં પ્રથમ ચેરમેન હતાં હાલમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આ ટ્રસ્ટના ચેરમેન છે.

આપણે યાત્રા કરીએ છીએ પણ સાથે સાથે યાત્રા કરવા પાછળનો ભાવ હૃદયમાં હોવો જોઈએ. ભાવનો અભાવ હોય તો યાત્રાની કોઈ કિંમત નથી.

**આલેખનઃ વિનોદભાઈ માછી નિરંકારી**

# સ્પોર્ટ્સ ન્યુઝ


### વિરાટના નામે ૩૦૯ વન ડે ઇન્ટરનેશનલ મેચ

## મેદાનમાં ઉતરતા જ વિરાટ કોહલીનો નવો કીર્તિમાન

### કોહલી હવે ભારત તરફથી સૌથી વધુ વનડે ઈન્ટરનેશનલ મેચ રમનાર ખેલાડીઓના ટોપ ૫ લિસ્ટમાં સામેલ થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વડોદરા, તા.૧૧:** ટીમ ઈન્ડિયાનો સ્ટાર ક્રિકેટર અને પૂર્વ કેપ્ટન વિરાટ કોહલી ઈન્ટરનેશનલ ક્રિકેટમાં રન, સદી, રેકોર્ડ્સની ભરમાર કરી ચૂક્યો છે. કોહલીએ આજે ૧૧



જાન્યુઆરી ૨૦૨૬ના રોજ વડોદરામાં રમાયેલી વનડે મેચના મેદાન પર ઉતરતાની સાથે એક નવો કીર્તિમાન રચ્યો છે. કોહલી હવે ભારત તરફથી સૌથી વધુ વનડે ઈન્ટરનેશનલ મેચ રમનાર ખેલાડીઓના ટોપ ૫ લિસ્ટમાં સામેલ થઈ ગયો છે. વિરાટ કોહલીએ ભારત માટે અત્યાર સુધી ૩૦૯ વન ડે ઈન્ટરનેશનલ મેચ રમી છે, આ સાથે તે પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીનો રેકોર્ડ તોડી આગળ નીકળ્યો છે. જેમને ભારતીય ટીમ માટે ૩૦૮ વન ડે મેચ રમી હતી, કોહલીની ઉપર આ લિસ્ટમાં રાહુલ દ્રવિડ, ધોની, સચિનનું પણ નામ છે પણ તેડુંલકરનો રેકોર્ડ તોડવો કોહલી માટે ખૂબ જ કઠિન સાબિત થશે.

કારણ કે ભારત માટે સૌથી વધુ વન ડે ઈન્ટરનેશનલ મેચ માસ્ટર બ્લાસ્ટર સચિન તેડુંલકરે રમી છે, જે એક વર્લ્ડ રેકોર્ડ છે. સચિનનું ૨૪ વર્ષ લાંબુ કરિયર રહ્યું હતું જે ક્રિકેટ ઈતિહાસમાં સ્વર્ણિમ અધ્યાયની રૂપે યાદ રાખવામાં આવે છે. બીજી તરફ મહેન્દ્રસિંહ ધોની, બાદમાં રાહુલ દ્રવિડ અને મોહમ્મદ અઝહરુદ્દીન પણ આ લિસ્ટમાં મોખરે છે.

**ભારત માટે સૌથી વધુ ODI મેચ**

૪૬૩ - સચિન તેડુંલકર
૩૪૭- મહેન્દ્રસિંહ ધોની
૩૪૦- રાહુલ દ્રવિડ
૩૩૪- મોહમ્મદ અઝહરુદ્દીન
૩૦૯- વિરાટ કોહલી
૩૦૮- સૌરવ ગાંગુલી

૩૭ વર્ષના વિરાટ કોહલીનું કરિયર ન માત્ર રન અને સદીથી ચમકેલું છે પણ લાંબી સ્થિરતા, ધૈર્ય, ફિટનેસ તેમજ ખેલ પ્રત્યેના સમર્પણને પણ ઉજાગર કરે છે. જેથી જ તેઓ આજે પણ વિશ્વના સૌથી વિસ્ફોટક બેટરમાં નામના ધરાવે છે. કોહલીએ ઓગસ્ટ ૨૦૦૮માં ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. આટલા વર્ષો બાદ પણ ટીમ ઈન્ડિયામાં હાલ તે વન ડે ફોર્મેટમાં રમી રહ્યો છે જેમાં સૌથી વિશ્વસનીય ખેલાડીઓમાંથી એક ગણાય છે. જ્યારે પણ ટીમને જરૂર હોય ત્યારે કોહલીની વિરાટ ઈનિંગ જોવા મળે છે. વન ડે ઈન્ટરનેશનલમાં કોહલીનું પ્રદર્શન શાનદાર રહ્યું છે, ૧૪૫૫૭ રન બનાવ્યા છે જેમાં ૫૩ સદી અને ૭૬ અડધી સદી સામેલ છે. હજુ પણ તે અનેક રેકોર્ડ બનાવી શકે છે. ચાહકો કોહલી ટેસ્ટ ક્રિકેટમાં પરત ફરે તેવી આશા રાખી રહ્યા છે.

### સોશિયલ મીડિયા પર 'Mini VK'ની ધૂમ

## ન્યૂઝીલેન્ડ સામેની મેચ પહેલા વિરાટ કોહલી તેના મિની વર્ઝનને મળ્યો

### બાળકનો ચહેરો કોહલીના બાળપણના ફોટાઓ સાથે એટલો મળતો આવે છે કે ખુદ વિરાટ પણ આશ્ચર્યચકિત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વડોદરા, તા.૧૧:** ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ વન-ડે મેચ પહેલા પ્રેક્ટિસ સેશન દરમિયાન



વિરાટ કોહલી એક એવા નાના પ્રશંસકને મળ્યો જે હૂબહૂ વિરાટના બાળપણ જેવો જ દેખાય છે.

વડોદરામાં ટ્રેનિંગ બ્રેક દરમિયાન જ્યારે કોહલી ફેન્સને ઓટોગ્રાફ આપી રહ્યો હતો, ત્યારે તેની નજર આ બાળક પર પડી હતી. આ બાળકનો ચહેરો કોહલીના બાળપણના ફોટાઓ સાથે એટલો મળતો આવે છે કે ખુદ વિરાટ પણ તેને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયો હતો. નેટીઝન્સે આ બાળકને "Mini VK" નામ આપ્યું છે. સોશિયલ મીડિયા પર આ મુલાકાતના વીડિયો અને ફોટા વાઈરલ થતા જ યુઝર્સે રમુજી અને આશ્ચર્યજનક પ્રતિક્રિયાઓ આપી હતી. યુઝરની કમેન્ટમાં લખ્યું,'આમાં તો ૧૯-૨૦નો પણ ફરક નથી.' ૩૭ વર્ષીય વિરાટ કોહલી પણ આ બાળકને જોઈને હસવાનું રોકી શક્યો નહોતો અને તેની સાથે પ્રેમથી વાતચીત કરી હતી.

વિરાટ કોહલી હાલમાં શાનદાર ફોર્મમાં છે. તેની છેલ્લી ચાર વન-ડે ઈનિંગ્સમાં તેણે બે સદી અને બે અડધી સદી ફટકારી છે. ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ત્રણ મેચોની સીરિઝની પ્રથમ મેચ ૧૧મી જાન્યુઆરીએ વડોદરાના કોટંબી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાઈ રહી છે. જ્યારે સીરિઝની બીજી મેચ ૧૪મી જાન્યુઆરીએ રાજકોટમાં અને ત્રીજી મેચ ૧૮મી જાન્યુઆરીએ ઈન્દોરમાં યોજાશે.

આ સીરિઝ વિરાટ કોહલી અને રોહિત શર્મા બંને માટે ખૂબ મહત્ત્વની છે, કારણ કે આગામી T20 વર્લ્ડ કપ અને IPL પહેલા આ જોડી ફરી એકવાર વન-ડે ફોર્મેટમાં સાથે જોવા મળશે.

## સોનુ સૂદે ગુજરાતની ગૌશાળામાં કર્યું રૂપિયા ૨૨ લાખનું દાન

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૧:** બોલિવુડ અભિનેતા સોનુ સુદ દાન અને સમાજ સેવા માટે જાણીતા છે. ખાસ કરીને કોરોના મહામારી દરમિયાન તેમણે પ્રવાસી મજુરોની મદદ તેમજ બ્લડ કેન્સરના દર્દીઓ તેમજ અન્ય જરુરતમંદો માટે કામ કરી રહ્યો છે. જેમ કે મફતમાં શિક્ષણ આપવું તેમજ અન્ય સ્વાસ્થ સેવાઓ માટે તેઓ કામ કરે છે.



તમને જણાવી દઈએ કે, કોરોના મહામારી દરમિયાન સોનુ સુદે પ્રવાસી મજુરોને પોતાના ઘરે પહોંચાડ્યા હતા. તેમજ તેમને જમવાનું, ઓક્સિજન સિલેન્ડર તેમજ અન્ય દવાઓ પણ પુરી પાડી હતી. જેને અસલી હીરો કહેવામાં આવે છે. કરુણા અને સેવા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા ચાલુ રાખતા રિયલ લાઈફના હીરો સોનુ સૂદે ગુજરાતના વારાહીમાં આવેલી ગૌશાળામાં ૨૨ લાખનું યોગદાન આપીને પશુ કલ્યાણને ટેકો આપ્યો છે. સોનુ સુદે વારાહી અને ગોલપ નેસડા એમ બંન્ને ગૌશાળામાં ૧૧-૧૧ લાખનું દાન આપ્યું છે. આ ગૌશાળામાં લગભગ ૭,૦૦૦ ગાયો રહે છે અને ત્યજી દેવાયેલા, ઘાયલ અને બચાવેલા પ્રાણીઓની સંભાળ, રક્ષણ અને ગૌરવ પૂરું પાડે છે. જે એવા સ્તરે કાર્યરત છે જેને સતત સંસાધનો અને સતત સહાયની જરૂર હોય છે.સોનુ સુદ ગૌશાળાના સંચાલકો દ્વારા કરવામાં આવતી સેવાકીય પ્રવ-તિઓથી પ્રભાવિત થયા હતા. આ પહેલ વિશે બોલતા, સોનુ સૂદે આશ્રયસ્થાનની સફર માટે પ્રશંસા કરતા કહ્યું, ‘‘જ્યારે હું તેમની સફર જોઉં છું, જે ફક્ત થોડી ગાયોથી શરૂ થઈ હતી અને હવે સાત હજાર સુધી પહોંચી ગઈ છે, ત્યારે તે ખૂબ જ ગર્વની વાત છે,

### ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ બજેટ રજૂ થશે નહીં

## ૩૦ જાન્યુઆરીએ નાણામંત્રી નવમી વખત બજેટ રજૂ કરશે



### રાષ્ટ્રપતિનું સંબોધન ૨૮ જાન્યુઆરીએ કરવામાં આવશે ૨૯ જાન્યુઆરીએ આર્થિક સર્વેક્ષણ રજૂ કરવામાં આવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૧**

આ વર્ષે કેન્દ્રીય બજેટ બે દિવસ વહેલું રજૂ કરવામાં આવશે. સૂત્રો જણાવે છે કે રાષ્ટ્રપતિનું સંબોધન ૨૮ જાન્યુઆરીએ કરવામાં આવશે. ૨૯ જાન્યુઆરીએ આર્થિક સર્વેક્ષણ રજૂ કરવામાં આવશે. ૩૦ જાન્યુઆરીએ નાણામંત્રી નિર્મલા સીતારમણ સંસદમાં નવમી વખત બજેટ રજૂ કરશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, નાણામંત્રી નિર્મલા સીતારમણ ૧ ફેબ્રુઆરીને બદલે ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ શુક્રવારના રોજ બજેટ રજૂ કરશે. આ સાથે, તેઓ વધુ એક રેકોર્ડ બનાવશે. દેશમાં આ પહેલી વાર બનશે જ્યારે નાણામંત્રી સીતારમણ ૩૦ જાન્યુઆરીએ બજેટ રજૂ કરશે.

અગાઉ, તેઓ ૨૦૧૭થી પરંપરા મુજબ દર વર્ષે ૧ ફેબ્રુઆરીએ પૂર્ણ બજેટ રજૂ કરતા હતા. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે આ વર્ષે ૧ ફેબ્રુઆરી રવિવારે આવે છે, તેથી બજેટની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જોકે, બજેટ ૧ ફેબ્રુઆરી પછી નહીં, પણ ૧ ફેબ્રુઆરી પહેલા બે દિવસ રજૂ કરવામાં આવશે. ચાલો જાણીએ કે નાણામંત્રી નિર્મલા સીતારમણ આ અનોખા રેકોર્ડ ઉપરાંત અન્ય કયા ખાસ રેકોર્ડ ધરાવે છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે પેપરલેસ બજેટ રજૂ કરીને ઈતિહાસ રચ્યો, એક નવી પરંપરા શરૂ કરી. તેમણે કોવિડ-૧૯ મહામારી દરમિયાન ૨૦૨૧માં ૧ ફેબ્રુઆરીએ ભારતનું પહેલું પેપરલેસ બજેટ રજૂ કર્યું. કોવિડ-૧૯ મહામારીને કારણે ડિજિટલ ઈન્ડિયા અમલમાં આવ્યું, અને આ પેપરલેસ બજેટ કાગળનો ઉપયોગ ઘટાડવા માટે એક ઐતિહાસિક પગલું હતું. ત્યારબાદ નાણામંત્રી સીતારમણે પરંપરાગત પેપર બજેટ (બહી-ખાતા)ને બદલે મેડ ઈન ઈન્ડિયા ટેબ્લેટનો ઉપયોગ કરીને સંસદમાં પહેલું પેપરલેસ બજેટ રજૂ કર્યું. ત્યારથી, એક નવી પરંપરા શરૂ થઈ છે, અને હવે નાણામંત્રી ફક્ત પેપરલેસ બજેટ રજૂ કરે છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે સૌથી લાંબા બજેટ ભાષણનો બીજો રેકોર્ડ બનાવ્યો છે. ૨૦૨૦-૨૧ બજેટ રજૂ કરતી વખતે, તેમણે ભારતીય ઈતિહાસમાં સૌથી લાંબુ બજેટ ભાષણ આપ્યું. નાણામંત્રી સીતારમણે ૨ કલાક અને ૪૨ મિનિટનું બજેટ ભાષણ આપ્યું. આ રેકોર્ડ બનાવીને, તેમણે ૨૦૧૯-૨૦ બજેટ ભાષણનો પોતાનો જ રેકોર્ડ તોડ્યો. ૨૦૧૯-૨૦ બજેટ રજૂઆત દરમિયાન, નાણામંત્રી સીતારમણે ૨ કલાક અને ૧૭ મિનિટનું ભાષણ આપ્યું.

નાણામંત્રી નિર્મલા સીતારમણ ભારતના મહિલા નાણામંત્રી તરીકે સૌથી વધુ બજેટ રજૂ કરવાનો રેકોર્ડ ધરાવે છે. તેમણે અત્યાર સુધીમાં કુલ આઠ બજેટ રજૂ કર્યા છે. હવે, ૨૦૨૬ માં, નાણામંત્રી નિર્મલા સીતારમણ સંસદમાં રેકોર્ડ નવમી વખત બજેટ રજૂ કરશે. એ નોંધવું જોઈએ કે તેમણે પહેલી વાર ૨૦૧૯માં બજેટ રજૂ કર્યું હતું.

જેમ આપણે જાણીએ છીએ, નાણામંત્રી સીતારમણે ૨૦૧૯માં તેમનું પહેલું બજેટ રજૂ કર્યું. ત્યારબાદ, તેમણે સતત સાત બજેટ રજૂ કર્યા, જેમાં મોરારજી દેસાઈનો સતત ૬ બજેટ રજૂ કરવાનો રેકોર્ડ તોડ્યો. હવે, ૩૦ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ, નાણામંત્રી નિર્મલા સીતારમણ સતત નવમી વખત બજેટ રજૂ કરવાના છે.

### પ.બંગાળમાં દરોડા બાદ ઈડીનો આરોપ

## હવાલા દ્વારા કોલકાતાથી I-PACની ગોવા ઓફિસે ૨૦ કરોડ પહોંચ્યા

### આ નાણાંનો ઉપયોગ ૨૦૨૧-૨૨ની ગોવા વિધાનસભા ચૂંટણીના પ્રચાર અને ઈવેન્ટ મેનેજમેન્ટ માટે કરવામાં આવ્યો હોવાનો આરોપ છે




(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૧**

પશ્ચિમ બંગાળમાં બહુચર્ચિત કોલસા તસ્કરી કૌભાંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ કોલકાતા હાઈકોર્ટમાં એક સનસનાટીભર્યો ઘટસ્ફોટ કર્યો છે. EDના દાવા મુજબ, કોલસાની ગેરકાયદે દાણચોરીમાંથી મેળવેલા ૨૦ કરોડ રૂપિયા હવાલા નેટવર્ક દ્વારા રાજકીય સલાહકાર પેઢી I-PAC (Indian Political Action Committee)ની ગોવા ઓફિસ સુધી પહોંચાડવામાં આવ્યા હતા. આ નાણાંનો ઉપયોગ ૨૦૨૧-૨૨ની ગોવા વિધાનસભા ચૂંટણીના પ્રચાર અને ઈવેન્ટ મેનેજમેન્ટ માટે કરવામાં આવ્યો હોવાનો આરોપ છે.

અહેવાલો અનુસાર, EDની તપાસમાં બહાર આવ્યું છે કે તપાસ એજન્સીની નજરથી બચવા માટે આ નાણાં છ અલગ-અલગ તબક્કાઓમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. દિલ્હી સ્થિત એક NBFC કંપનીના પૂર્વ ડિરેક્ટરે મુન્ના નામના શખસનો સંપર્ક કર્યો. મુન્નાએ હવાલા ઓપરેટર્સ દ્વારા કોલકાતાની એક ફર્મના મેનેજર સુધી નાણાં પહોંચાડ્યા. કોલકાતાની ફર્મે ગોવામાં કાર્યરત એક ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીના કર્મચારીને આ રોકડ સોંપી હતી. આ ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની ગોવા ચૂંટણીમાં I-PAC માટે પ્રચાર અને કાર્યક્રમોનું સંચાલન કરતી હતી. EDના મતે કોલસા કૌભાંડની કુલ ગેરકાયદે આવક અંદાજે ૨,૭૪૨ કરોડ રૂપિયા છે, જેમાંથી એક હિસ્સો રાજકીય હેતુઓ માટે ડાયવર્ટ કરવામાં આવ્યો હતો.

આ કેસના સંદર્ભમાં EDએ આઠમી જાન્યુઆરીએ દિલ્હી અને કોલકાતામાં કુલ ૧૦ સ્થળોએ દરોડા પાડ્યા હતા. જેમાં I-PACના સહ-સ્થાપક અને ડિરેક્ટર પ્રતીક જૈનના કોલકાતા સ્થિત લાઉડન સ્ટ્રીટના નિવાસસ્થાનનો પણ સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, પ્રતીક જૈન ગોવા વિધાનસભા ચૂંટણી દરમિયાન ત્યાંની કામગીરીનું નિરીક્ષણ કરી રહ્યા હતા.

આ સમગ્ર કેસનો મુખ્ય આરોપી અનુપ માજી હોવાનું કહેવાય છે. તેના નેતૃત્વમાં પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં કાર્યરત ઈસ્ટર્ન કોલફિલ્ડ્સ લિમિટેડ (ECL)ના વિસ્તારોમાંથી મોટાપાયે કોલસાની ચોરી અને ગેરકાયદે ખોદકામ કરવામાં આવતું હતું. આ ચોરાયેલો કોલસો બાંકુરા, વર્ધમાન અને પુરુલિયા જેવા જિલ્લાઓમાં ફેક્ટરીઓને વેચવામાં આવતો હતો અને તેમાંથી મળતી કાળી કમાણી રાજકીય કન્સલ્ટન્સી અને ચૂંટણીઓમાં વાપરવામાં આવી હોવાનો એજન્સીનો ગંભીર આરોપ છે.

### એલોન મસ્કનો નિર્ણય

## X પર અશ્લિલ કંટેન્ટ સામે એક્શન, ૬૦૦ અકાઉન્ટ ડિલિટ

### મોદી સરકારના કડક પગલાં બાદ, X એ લગભગ ૩,૫૦૦ પોસ્ટ બ્લોક કરી અને ૬૦૦ એકાઉન્ટ ડિલીટ કરી દીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વોશિંગ્ટન, તા.૧૧**

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X (અગાઉ ટ્વિટર) ના માલિક અને વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલોન મસ્કે હવે આ સામગ્રી અંગે પોતાની ભૂલ સ્વીકારી છે અને ભારતીય સરકારી કાયદાઓનું પાલન કરવાનું વચન આપ્યું છે. મોદી સરકારે ૪ ના પ્લેટફોર્મ પર વાંધાજનક સામગ્રીની નોંધ લીધી હતી, જેના પગલે X એ બધા એકાઉન્ટ્સ સામે કાર્યવાહી કરી હતી અને તેમને બ્લોક કર્યા હતા.

અહેવાલ મુજબ, X એ ૬૦૦ એકાઉન્ટ્સ ડિલીટ કર્યા હતા અને લગભગ ૩,૫૦૦ પોસ્ટ્સ બ્લોક કરી હતી. X હવે તેના પ્લેટફોર્મ પર વાંધાજનક સામગ્રીને મંજૂરી આપશે નહીં અને સરકારી માર્ગદર્શિકા હેઠળ કાર્ય કરશે. ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે X ના પ્લેટફોર્મ પર વાંધાજનક સામગ્રીને ફ્લેગ કર્યાના એક અઠવાડિયા પછી આ કાર્યવાહી કરવામાં આવી છે.

નોંધનિય છે કે, છેલ્લા કેટલાક દિવસોથી X પ્લેટફોર્મ પર ફરતી પોર્નોગ્રાફિક સામગ્રી અંગે વિવાદ ચાલી રહ્યો છે. ઘણા એકાઉન્ટ્સ Grko AI નો ઉપયોગ કરીને પોર્નોગ્રાફિક સામગ્રી જનરેટ કરી રહ્યા છે, જેની ઘણા લોકો દ્વારા ટીકા કરવામાં આવી છે.

Grko એ એલોન મસ્કની કંપની, XAI દ્વારા વિકસાવવામાં આવેલ એક કૃત્રિમ બુદ્ધિ (AI) ચેટબોટ છે. યુઝર્સ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક અલગ એપ્લિકેશન ઈન્સ્ટોલ કરીને તેનો ઉપયોગ કરી શકે છે.

તાજેતરમાં, Grko દ્વારા જનરેટ કરાયેલી પોર્નોગ્રાફિક તસવીરો અને તેની એડિટિંગ સુવિધા સમાચારમાં છે. લોકો AI નો ઉપયોગ કરીને મહિલાઓ અને સગીરોના ફોટાનો ઉપયોગ કરીને પોર્નોગ્રાફિક સામગ્રી જનરેટ કરવા માટે તેનો દુરુપયોગ કરી રહ્યા હતા. મોદી સરકારે આ બાબતને ગંભીરતાથી લીધી અને X ને સૂચનાઓ જાહેર કરી. સરકારના આ કડક સૂચનો પછી જ એલોન મસ્કે કાર્યવાહી કરી.

### બીએમસી ચૂંટણી માટે મહાયુતિનો ચૂંટણી ઢંઢેરો

## ૫ લાખ સુધીની વ્યાજમુક્ત લોન, સ્લમ ફ્રી મુંબઈ...

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૧૧**

મુંબઈ મહાનગરપાલિકા (BMC) ચૂંટણી પહેલા મહાયુતિ ગઠબંધન દ્વારા પોતાનો સંયુક્ત ચૂંટણી ઢંઢેરો જાહેર કરવામાં આવ્યો છે. આ ક્ષણે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, મુખ્યમંત્રી એકનાથ શિંદે, રામદાસ અઠાવલે, વિનોદ તાવડે, અમીટસતામ અને આશિષ શેલાર સહિત અનેક વરિષ્ઠ નેતાઓ હાજર હતા.

ચૂંટણી ઢંઢેરો જાહેર કરતા ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદેએ કહ્યું કે, તેમાં ગત્ત સાડા ત્રણ વર્ષમાં મુંબઈ માટે કરાયેલા વિકાસના કામને પણ સમાહિત કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે, મહાયુતિ ગઠબંધનનો ઉદ્દેશ્ય મુંબઈના વિકાસની ગતિને ઝડપી બનાવવાનો છે. શિંદેએ મરાઠી માનુસના મુદ્દે ભારપૂર્વક જણાવ્યું કે, મોટા પ્રમાણમાં મરાઠી લોકો શહેર છોડી ચુક્યા છે અને ગઠબંધન તેમના પુનર્વસનની દિશામાં કામ કરી રહ્યું છે. તેમણે જુના પગડી ભવનનાં પુનર્વિકાસ અને સ્લમ મુક્ત મુંબઈનો સંકલ્પ કર્યો હતો. શિંદેએ બીએમસીના ગત્ત કાર્યકાળનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ત્યાં બેઠેલા લોકોએ મુંબઈ માટે કોઈ નક્કર પગલાં નથી લીધા. તેમણે કહ્યું કે, મહાયુતિ માત્ર માળખાગત વિકાસ નહી પરંતુ સામાન્ય નાગરિકોની સમસ્યાના સમાધાન માટે ગંભીર છે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે, તેમની સરકારે મુંબઈકરોની જીવનશૈલી સારી બનાવવા માટે સતત પ્રયાસ કર્યો છે. તેમણે કહ્યું કે, અનેક પાર્ટીઓ ચૂંટણી ઢંઢેરો જાહેર કરે છે પરંતુ મહાયુતિ પાસે પોતાના કાર્યોનો મજબૂત રેકોર્ડ પણ છે. ફડણવીસે આગામી ચૂંટણીમાં એક્શન ટેકન રીપોર્ટ પણ જનતા વચ્ચે રજુ કરવાનું આશ્વાસન આપ્યું હતું. મહિલા સશક્તિકરણ અંગે વાત કરતા ફડણવીસે બીએમસીના માધ્યમથી મહિલાઓને ૫ લાખ રૂપિયા સુધીની વ્યાજ મુક્ત લોન આપવાની યોજના જાહેર કરી હતી.

### અમેરિકા જતા વિદ્યાર્થી-કામદારો માટે મહત્વપૂર્ણ સમાચાર

## વિદ્યાર્થીઓ માટે પ્રીમિયમ પ્રોસેસિંગ ફીમાં વધારો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૧૧**

અમેરિકામાં મુસાફરી કરતા ભારતીય કામદારો માટે મહત્વપૂર્ણ સમાચાર. યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ (USCIS)એ અનેક વર્ક વિઝા માટે પ્રીમિયમ પ્રોસેસિંગ ફીમાં વધારો કર્યો છે. તેવી જ રીતે, એક ઈમિગ્રેશન ફોર્મ માટેની ફીમાં પણ વધારો કરવામાં આવ્યો છે. નવી ફી ૧ માર્ચથી લાગુ થશે. USCISએ જણાવ્યું હતું કે જૂન ૨૦૨૩ અને જૂન ૨૦૨૫ વચ્ચેના ફુગાવાને ધ્યાનમાં રાખીને પ્રીમિયમ પ્રોસેસિંગ ફીમાં વધારો કરવામાં આવ્યો છે. સ્ટાન્ડર્ડ વિઝા પ્રોસેસિંગ ફીમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.



વિઝા ફી: USCIS અનુસાર, H-2B અથવા R-1 નોન-ઈમિગ્રન્ટ સ્ટેટસ માટે ફોર્મ I-129 અરજી ફાઈલ કરવા માટે હવે વધેલી ફીની જરૂર પડશે. આ ફી પહેલા ૧૬૮૫ ડોલર હતી, પરંતુ તેને વધારીને ૧૭૮૦ ડોલર કરવામાં આવી છે.

H-1B, L-1, O-1, P-1 અને TN વિઝા માટે પણ પ્રીમિયમ પ્રોસેસિંગ ફીમાં વધારો કરવામાં આવ્યો છે. આ ફી ૨૮૦૫ ડોલરથી વધારીને ૨૯૬૫ ડોલર કરવામાં આવી છે. આ બધા વર્ક વિઝા માટે ફોર્મ I-129 ફાઈલ કરવાની જરૂર છે. વિદેશી કામદારો માટે ફોર્મ I-140 ફી પણ વધીને ૨,૯૬૫ ડોલર થઈ ગઈ છે.

નોન-ઈમિગ્રન્ટ સ્ટેટસ વધારવા અથવા બદલવા માટેની ચોક્કસ અરજીઓ માટે પ્રીમિયમ પ્રોસેસિંગ ફીમાં પણ વધારો કરવામાં આવ્યો છે. ઉદાહરણ તરીકે, જ્યારે F-1 અને F-2 વિદ્યાર્થીઓ, J-1 અને J-2 એક્સચેન્જ વિદ્યાર્થીઓ, અને M-1 અને M-2 વ્યાવસાયિક વિદ્યાર્થીઓ ફોર્મ I-539 ફાઈલ કરે છે, ત્યારે તેઓએ પહેલા ૧,૯૬૫ ડોલરની પ્રીમિયમ પ્રોસેસિંગ ફી ચૂકવવી પડતી હતી, જે હવે વધીને ૨,૦૭૫ ડોલર થઈ ગઈ છે. તેવી જ રીતે, વિદ્યાર્થીઓએ હવે તેમની રોજગાર અધિકૃતતા અરજીઓ ઝડપથી પ્રક્રિયા કરવા માટે વધુ ચૂકવણી કરવી પડશે.

USCIS એ જણાવ્યું છે કે વિદ્યાર્થીઓ માટે ફોર્મ I-765 માટે પ્રીમિયમ પ્રોસેસિંગ ફી, જેમાં ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (OPT) અને STEM-OPTનો સમાવેશ થાય છે, તેને વધારીને ૧,૭૮૦ ડોલર કરવામાં આવી છે. અગાઉ, આ ફી ૧,૬૮૫ ડોલર હતી. USCIS એ જણાવ્યું હતું કે ફીમાં વધારો એજન્સીને નાણાકીય સહાય પૂરી પાડવા માટે હતો. વધેલી ફીની સીધી અસર ભારતીય વિદ્યાર્થીઓ અને કામદારો પર પડશે. કામદારો H-1B અને L-1 કાર્યક્રમો દ્વારા નોકરી માટે યુએસ જાય છે. વિદ્યાર્થીઓ OPTનો ઉપયોગ કરે છે.

### શ્રી ભંડારી જ્ઞાતિ મંડળ વલસાડની પ્રથમ મીટિંગ યોજાઈ

# સમાજમાં ચાલી આવેલ કુપ્રથામાં સુધારો કરવા સહિતના વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરાઈ




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૧૧

સમાજની ૭૮ વર્ષ જુની માતૃ સંસ્થા શ્રી ભંડારી જ્ઞાતિ મંડળ, કાર્યાલય-વલસાડના સહયોગ થકી સમાજમાં ચાલી આવેલ કુપ્રથામાં સુધારો કરી હાલ તથા ભવિષ્યમાં આવનાર પેઢી પહેલ કરે એવા શુભ હેતુથી સમાજમાં પ્રથમવાર મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની શરૂઆત સમાજના પીઢ આગેવાન શ્રી નટુભાઈ રાઉત, શ્રી જમનાદાસભાઈ, શ્રી દિનેશભાઈ, પ્રમુખ શ્રી ચેતનભાઈ, ટ્રસ્ટીશ્રીઓ શ્રી નિલેષભાઈ, શ્રી દિલીપભાઈ, શ્રી જગદીશભાઈના હસ્તે દિપ પ્રાગટ્ય કરી સમાજની મૂળ ઓળખ, કુંળ,વંશ, ગૌત્રની જાણકારી શૈક્ષણિક બાબત, છોકરા છોકરીના લગ્ન વિલંબ બાબત, શુભ પ્રસંગ ખર્ચ ઘટાડવા, અશુભ પ્રસંગની મરણોતર ક્રિયાકરણ, છુટાછેડાના પ્રશ્ન, સમાજના અવરીત વિકાસની ચર્ચાઓ કરવામાં આવી હતી.

જેમા હાજર રહેલ તમામે જે મુદ્દાઓ પર બહુમત સહમતિ દર્શાવેલ જેની ટુંક સમયમાં જ્ઞાતિજનો પહેલ કરે એવું આહ્‌વાન કરેલ છે. જે આ બહુમત મુદ્દાઓ પર શુભ-અશુભ પ્રસંગમાં અમલ કરશે. જેનું વલસાડ મંડળ બહુમાન કરશે.

આ મીટિંગ સાંઈ દર્શન હોલ, કિ.પારડી ખાતે મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. આ આયોજનને સફળ બનાવવા સમાજના ગામે ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યો. જેમા મહિલા મંડળના પ્રમુખ ઈલાબેન, મીટિંગનું સંચાલન ઉપપ્રમુખ શ્રી નેહલભાઈ, મંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ, મંડળના તમામ હોદેદારોશ્રીઓ વિગેરેઓનાએ કરી સમાજને શુભેચ્છાઓ પાઠવી હતી.

# દીવ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, બુચરવાડામાં ‘બેટી શિક્ષા બેટી સુરક્ષા’ કાર્યક્રમ યોજાયો




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દીવ, તા.૧૧

દીવ સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા, બુચરવાડામાં, આચાર્ય શ્રી આરીફ લાખાવાલાના માર્ગદર્શન હેઠળ, શિક્ષણ વિભાગના સમગ્ર શિક્ષા હેઠળ ‘બેટી શિક્ષા બેટી સુરક્ષા’ કાર્યક્રમના નોડલ શિક્ષક શ્રી પ્રતિભાબેન જી સ્માર્ટના સફળ નેતૃત્વ હેઠળ, દીવ પોલીસ વિભાગના પોલીસ સબ ઈન્સ્પેક્ટર શ્રી બ્રાન્ડન અઝવેડો, સાયબર ક્રાઈમ બ્લોકના કોન્સ્ટેબલ મિત્તલ રાઠોડ અને હીરલ ઝાલાના સક્રિય સહયોગથી, વિદ્યાર્થીઓ માટે ‘સાયબર સલામતી જાગૃતિ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતુ અને આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને મહત્વપૂર્ણ માહિતી મળી હતી. આ કાર્યક્રમમાં શાળાના તમામ શિક્ષકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

# સુવિશાળગચ્છનાયકઃ પૂ.આ.શ્રી વિજયપુણ્યપાલસૂરીશ્વરજી મહારાજની પ્રથમ વાર્ષિક તિથિ નિમિત્તે પંચ દિવસીય દેવ-ગુરુભક્તિ મહોત્સવનો મંગલ પ્રારંભ

## શ્રી અયોધ્યાપૂરમ તીર્થ ખાતે ૧૦૦૮થી અધિક શ્રાવક-શ્રાવિકો દ્વારા સમૂહ સામાયિકની ભવ્યાતિભવ્ય આરાધના થઈ

(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
વાપી, તા.૧૧

જિનશાસનના મહાન જ્યોતિર્ધર-દીક્ષાયુગપ્રવર્તક સુપ્રસિદ્ધ જૈનાચાર્યશ્રી વિજય રામચંન્દ્રસૂરીશ્વરથજી મહારાજાના સમુદાયના તેજસ્વી સિતારાસમા આધ્યાત્મિક પ્રવચનકાર જૈનાચાર્યશ્રી વિજયમુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજ આદિ શતાધિક શ્રમણ-શ્રમણીભગવંતોની પાવન નિશ્રામાં રામસીન(રાજ.) નિવાસી સંઘવી ચૂનીલાલજી મણિલાલજી રામસીણા-રત્નમણિપરિવાર હાલ-પૂના(મહારાષ્ટ્ર) આયોજીત શ્રી કલિકુંડ તીર્થથી શ્રી શંત્રુજય મહાતીર્થનો ૧૧૦૦ જેટલા યાત્રિકોનો છ’રી પાલક યાત્રા સંઘ મંગલમય ચાલી રહ્યો છે.

શ્રી અયોધ્યાપૂરમ તીર્થ ખાતે આ મહાસંઘની આજરોજ પધરામણી થઈ. જિનશાસનજ્યોતિર્ધર સૂરિસમ્રાટ ‘‘સૂરિરામચંન્દ્ર’’ સમુદાયના સુવિશાળ ગચ્છનાયક પ્રવચનપ્રદીપ મહારાષ્ટ્ર શાર્દુલ જૈનાચાર્યશ્રી વિજયપૂણ્યપાલ સૂરીશ્વરજી મહારાજી પોષ વદ ૯ના વાર્ષિક પ્રથમ સ્વર્ગારોહણતિથિ નિમિત્તે સંઘઆયોજક શ્રી રત્નમણિ પરિવાર દ્વારા પંચ દિવસીય દેવ ગુરુ ભક્તિ મહોત્સવનો આજથી મંગલ પ્રારંભ થયો છે. મહોત્સવના આજના પ્રથમ દિને સ્વર્ગસ્થ સુવિશાળગચ્છનાયક પૂજ્યશ્રીના ૭ વર્ષના સમુજ્વલ નિર્મળ સંયમજીવનની અનુમોદનાર્થે શ્રાવકજીવનના ૯માં સામાયિકવૃતની આરાધનારૂપે સમૂહ સામાયિકની આરાધનાનું ભવ્ય આયોજન થતાં સવારે ૯:૩૦ કલાકે પૂજ્ય ગુરુભગવંતના મંગલચરણ બાદ સકલશ્રી સંઘને સમૂહમાં સામાયિક લેવડાવવાનો ચઢાવો બોલતા મોટી રકમનો ચઢાવો બોલીને અમૂલ્ય લાભ મેળવ્યો. સમૂહમાં સામાયિક લેવાયા બાદ જૈનાચાર્યશ્રી વિજયપુણ્યરક્ષિતસૂરજી મ.ને ‘‘મોક્ષનું પરમ અંગઃ સામાયિક’’ વિષય પર તાત્વિક મનનીય પ્રવચન ફરમાવેલ. જેમા પૂજ્યશ્રીએ કહ્યુ હતુ કુ ‘‘સામાયિક સાધાનનો પાયો છે’’ દુનિયાની કોઈપણ વિદ્યાશાખામાં આગળ વધવું હોય તો જેમ એસ.એસ.સી. પાસ થવું જેમ અનિવાર્ય છે. તેમ વિરતિર્ધર્મની ઊંચી આરાધનાને સાધવા માટે પાયારૂપે સામાયિકવૃત કરવું અનિવાર્ય છે.

સામાયિક એટલે આત્મને સમભાવમાં ઝીલતો રાખવો : સુખ કે દુઃખ, શત્રુ કે મિત્ર, માન કે અપમાન, આનંદ કે શોક, જીવન કે મરણ, લાભ કે નુકસાન આ દરેક વિરોધી બાબતમાં રાગ-દ્વેષને અધિન થયા વિના આત્માને મનને વણીને અને કાયાને નિયંત્રિત કરી આત્મભાવમાં સ્થિર રાખવું એ સામાયિક કહેવાય છે.

સામાયિક એટલે પાપપ્રવૃત્તિનો પરિહાર (ત્યાગ) અને નિષ્પાપ પ્રવૃત્તિનું પ્રતિસેવન (આચરણ) સર્વજીવોઉપર સમતા-સંયમ-શુભભાવના, આર્ત રૌદ્ર-ધ્યાનનો પરિત્યાગ એ ખરેખર સામાયિક છે.

પૂજ્યશ્રીએ આજના સામાયિક વિષયક તાત્વિક પ્રવચનમાં એમ પણ કહ્યું હતું કે સામાયિક જો મુક્તિના લક્ષ્યપૂર્વક, પ્રભુએ બતાવેલ વિવિધના પક્ષપૂર્વક ઉપકરણોના સમ્યક ઉપયોગપૂર્વક, અધિકરણો અને દોષોના ત્યાગ કરવાપૂર્વક કરાય તો સાધુ-સાધ્વીભગવંતો જીવનભર જે આનંદ અનુભવે તેનો આસ્વાદ



સામાયિકમાં રહેલા શ્રાવક-શ્રાવિકા જરૂર અનુભવી શકે.

પૂજ્યશ્રીએ આજના સામાયિક વિષયક તાત્વિક પ્રવચનમાં એમ પણ કહ્યું હતું કે, સામાયિક જો મુક્તિના લક્ષ્યપૂર્વક, પ્રભુએ બતાવેલ વિધિના પક્ષપૂર્વક ઉપકરણોના સમ્યકઉપયોગપૂર્વક, અધિકરણો અને દોષોના ત્યાગ કરવાપૂર્વક કરાય તો સાધુ-સાધ્વીભગવંતો જીવનભર જે આનંદ અનુભવે તેનો આસ્વાદ સામાયિકમાં રહેલા શ્રાવક-શ્રાવિકા જરૂર અનુભવી શકે.

આજના પ્રવચનમાં પૂજ્યશ્રીએ

- સામાયિકનો મહિમા શું છે?
- સામાયિકના પ્રકારો કેટલા?
- સામાયિકમાં ૪ પ્રકારોના ધર્મની આરાધના કેવી રીતે?
- સામાયિકમાં ૧૨ પ્રકારના તપોની આરાધનનો સમાવેશ કેવી રીતે?
- સામાયિક આરાધનનો વિવિધ મુદ્દો કઈ કઈ છે?
- સામાયિકની ચાર શુદ્ધિ કઈ છે?
- પ્રભુ મહાવીરના શ્રીમુખે પુણિયા શ્રાવકની પ્રશંસા કેમ થઈ?
- સામાયિકનો સમય ૪૮ મિનિટ જ શા માટે?
- સામાયિકમાં શું કરાય? શું ન કરાય?

વિગેર વિગેરે અનેક બાબતો શાસ્ત્રીય સંદર્ભો સાથે બતાવી હતી. સામાયિક ધર્મનો વિશિષ્ટ સાધક પુણિયા શ્રાવકની ખુમારી-ખુમીરી અને અમીરીની દિલધડક વાત કરી હતી.

સામાયિકનું ઉપકરણ કહાસણુ એ મન-વચન કાયાનું વિશ્રામસ્થળ છે ભવોભવના કર્મોનું સમાધિસ્થાન છે. આત્માને સમભાવને વસિત કરીને સામાયિક કરવાથી દેવલોકનું ૯૨ કરોડ ૫૯ લાખ ૨૫ હજાર અને ૯૨૫ પલ્યોયમયી અધિક આયુષ્ય બંધાય છે. બાકી સામાયિકનું વાસ્તવિકનું ફળ તો મોક્ષની પ્રાપ્તિ છે.

‘‘રાજ્ય નરકાન્ત’’ સામાયિક મોક્ષાન્તમ

‘‘રાજ્ય નરકે લઈ જનારૂ છે, સામાયિકે મોક્ષે પહોંચાડનારૂ છે’’

શાસ્ત્રોમાં લખ્યું છે કે-

‘લાખ ખાંડી સોનાતાણુ, લાખ વરસ દે દાન

તોય સામાયિક તુલ્યના, ભાખે શ્રી ભગવના’’

સામાયિક મોબાઈલ અને ફોલ્ડીંગ સિદ્ધશિલા સમાન છે.

આજના આ તાત્વિક પ્રવચનમાં સામાયિકધર્મના મહિમાની અનેક બાબતો બતાવીને પ્રવચન સભાના શ્રોતાઓને સામાયિક ધર્મ પ્રત્યે અહોભાવિત કર્યા હતા.

પ્રવચનસભાના ઘણા શ્રોતાઓએ પ્રતિદિન દર અઠવાડિયે દર મહિને અને દર વર્ષે અમુક સામાયિક કરવાના નિયમો પણ પૂજ્યશ્રી પાસે ગ્રહણ કર્યા હતા.

કદાચ શ્રી અયોધ્યાપૂરમ તીર્થના આંગણે સૌપ્રથમવાર જ ૧૦૦૮થી અધિક સમૂહ સામાયિકની આરાધના થવા પામી હશે. સમૂહ સામાયિક આરાધનાનો આ કાર્યક્રમ અવિસ્મરણીય બની જવા પામેલ.

આજે બપોરે ૨:૩૦ કલાકે ‘‘શાસન સ્પર્શ’’ શીર્ષક હેઠળ ભાવાવાહી સંવેદના તથા સમધુર શાસનભક્તિના ગીતોના સથર્વાહ સુપ્રસિદ્ધ સંગીતકાર મેહુલ-જાલના (મહારાષ્ટ્ર) હૃદયસ્પર્શી કાર્યક્રમની પ્રસ્તુતિ કરેલ. સાથે સાથે શ્રી અયોધ્યાપૂરમ ગુરુકૂળના બાળકોને ખૂબ જ સુંદર ‘સંયમધર્મની મહત્તા’’ને બતાવતુ નૃત્ય પ્રસ્તુત કરી પ્રવચનસભાને સંયમધર્મ પ્રત્યેઅ અહોભાવિત બનાવી હતી.

જિનશાસનની ખુમારી ખમીરી અને અમીરીને બતાવતી શ્રી કંપર્દિમંત્રી દ્વારા તિલકની રક્ષા માટે જે પ્રયત્નો થયેલ તે દિલધડક વાત વર્ણવી હતી.

‘‘શાસન સ્પર્શ’’ નો આજનો કાર્યક્રમ પણ યાદગાર થયેલ.

આ ૬’રી પાલક સંઘ વલભીપુર-સોનગઢ-પીપરલા અઢીદ્વિપ થઈ તા. ૧૫ જાન્યુઆરી પોષ વદ ૧૨ના પાલિતાણા શહેરમાં ભવ્યાતિભવ્ય પ્રવેશ કરશે. તા.૧૬ જાન્યુઆરીના પોષ વદ ૧૩ના શ્રી શંત્રુજય મહાતીર્થના ગિરિરાજ ઉપર સંઘમાળાનો ભવ્ય કાર્યક્રમ થશે.

# જેનબકર્ટે ગુજરાતમાં ભારતની પ્રથમ વ્યાપક ૧૦ પ્રકારની કેન્સર સ્ક્રીનીંગ વાનની શરૂઆત કરી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સુરત, તા.૧૧

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઉદ્‌ઘાટિત એક મહત્વપૂર્ણ પહેલ રૂપે, જેનબર્કટ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે પરિકલ્પિત અને દાનમાં આપેલી ‘જેનબર્કટ આશા વાન’ (વ્હીલ્સ પર આશાનું પ્રતીક) ભારતની સૌપ્રથમ અદ્યતન મોબાઈલ કૅન્સર સ્ક્રીનિંગ વાન તરીકે શરૂ કરવામાં આવી છે. આ વાન ૧૦ વિવિધ પ્રકારના કૅન્સરનું સ્ક્રીનિંગ કરવાની ક્ષમતા ધરાવે છે અને તેનું સંચાલન તથા જાળવણી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ભાવનગર જિલ્લા દ્વારા કરવામાં આવે છે. આ મહત્વાકાંક્ષી પહેલ ૨૦૪૦ સુધી ભારતના અનુમાનિત ૨૦.૮ લાખ કૅન્સર કેસોને ધ્યાનમાં રાખીને અમલમાં મૂકવામાં આવી છે અને યુએન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ ૩.૮ અંતર્ગત સર્વજન આરોગ્ય કવચ તરફ એક સશક્ત પગલું છે. જેનબર્કટ આશા વાન આરોગ્ય ક્ષેત્રની અસમાનતાને દૂર કરે છે કારણકે તે અદ્યતન નિદાન ક્ષમતાઓ અને ત્વરિત તથા ચોક્કસ પરિણામો ગ્રામ્ય સમુદાયો સુધી પહોંચાડે છે, જે અગાઉ માત્ર




ભારતની અગ્રણી શહેરી હોસ્પિટલો સુધી મર્યાદિત હતા. આ વાન ૧૦ મહત્વપૂર્ણ કૅન્સર પ્રકારો માટે સ્ક્રીનિંગ કરે છે સ્તન, ગર્ભાશય ગ્રીવા, મૌખિક, રક્ત, પ્રોસ્ટેટ, વીર્યગ્રંથિ, પૈન્ક્રિયાઝ, લીવર, આંતરડા અને ફેફસાના કૅન્સર.

આ વાનમાં વિશ્વસ્તરીય EVA-pro નિદાન સાધનો, સંપૂર્ણ મેમોગ્રાફી યુનિટ સાથે CR સિસ્ટમ, થમોર્ગ્રિડ ટેકનોલોજી અને વ્યાપક IT ઈન્ફ્રાસ્ટ્રક્ચર સજ્જ છે, જે ગ્રામ્ય વિસ્તારોમાં સમયસર અને જીવન બચાવતું નિદાન શક્ય બનાવે છે. વાનનું આંતરિક ડિઝાઈન ખાસ કરીને ચિંતા કરતાં આશા પ્રેરતું રાખવામાં આવ્યું છે. ક્લિનિકલ અને નિરસ વાતાવરણને બદલે, સ્નેહભર્યા, માનવિય અને ગૌરવપૂર્ણ પરિસર દ્વારા દર્દીઓને આરામદાયક સ્ક્રીનિંગનો અનુભવ મળે તે માટે રચના કરવામાં આવી છે. આ વાન સંપૂર્ણ કૅન્સર કાળજી સંકલન પ્રદાન કરે છે જેમાં સ્થળ ઉપર જ સ્ક્રીનિંગ, અસામાન્ય પરિણામો માટે તાત્કાલિક સલાહ, અમદાવાદ, વડોદરા અને સુરતના ઓન્કોલોજિસ્ટ્સ સાથે ૨૪ કલાક વિશેષ પરામર્શ, રેફરલ સપોર્ટ અને સતત ટેલિ-કાઉન્સેલિંગ સેવાઓનો સમાવેશ થાય છે. આ એકીકૃત અભિગમ સ્ક્રીનિંગને એકમાત્ર ઘટનામાંથી સંકલિત વેલનેસ યાત્રાના પ્રથમ પગથિયે રૂપાંતરિત કરે છે.


મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ, મુખ્યમંત્રી રાહત ફંડ દ્વારા ૨૦૨૧ થી ૨૦૨૫ દરમિયાન ૨,૧૦૬ થી વધુ કૅન્સર દર્દીઓને રૂા.૩૧.૫૫ કરોડથી વધુની સારવાર સહાય પૂરી પાડવામાં આવી છે, જે ગુજરાતને કૅન્સર કાળજીની સુલભતામાં અગ્રણી રાજ્ય તરીકે સ્થાપિત કરે છે. ઉદ્‌ઘાટન પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ‘જેનબર્કટ આશા વાન’ દાનમાં આપવા બદલ જેનબર્કટ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડની ટીમનો આભાર માનતા હજુ આવી વધુ વાન આપવા માટે અપીલ કરી હતી. જેનાથી વધુને વધુ લોકો આ સુવિધાનો લાભ મેળવી શકે. સમગ્ર સોરાષ્ટ્રમાં મોંઢાના કેન્સર વધુ પ્રમાણમાં મળી આવે છે, આ વાન ગુજરાતના વિવિધ વિસ્તારોમાં જઈ સ્ક્રીનિંગ કરશે, જેનાથી સમગ્ર ગુજરાતની જનતાને આનો લાભ મળશે અને શરૂઆતના તબક્કામાં કેન્સરની ઓળખ થઈ જતાં સમયસર સારવાર મળી જતાં લોકોની જીદગી બચાવવામાં મદદ મળી રહેશે.

જેનબર્કટ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી આશિષ યુ.ભૂતાએ જણાવ્યું કે, કૅન્સર પિનકોડ નથી જોતી પરંતુ જીવન બચાવતી સ્ક્રીનિંગ સુવિધાઓ ઘણી વખત ઉપલબ્ધિ પર આધાર રાખે છે. એક ગ્રામ્ય ખેડૂતને પણ મુંબઈની અગ્રણી હોસ્પિટલોમાં મળતી અદ્યતન નિદાન સુવિધાનો સમાન અધિકાર હોવો જોઈએ. દર્દી પ્રથમ સિદ્ધાંત હેઠળ, જેનબર્કટ ગુણવત્તામાં ક્યારેય સમર્પણ કરતું નથી, ખાસ કરીને ત્યારે જ્યારે જીવન બચાવવાનો પ્રશ્ન હોય. સમયસર સ્ક્રીનિંગ પરિવારને આર્થિક સંકટમાં ધકેલાતાં અટકાવે છે અને જીવનને નવી દિશા આપે છે. રાષ્ટ્રીય સ્તરે જ્યાં ૪૦ ટકાથી વધુ કૅન્સર કેસો મોડા તબક્કે ઓળખાય છે, ત્યાં ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સમાન પડકારો જોવા મળે છે કારણ કે અદ્યતન નિદાન સુવિધાઓ મુખ્યત્વે શહેરી વિસ્તારોમાં કેન્દ્રિત છે. ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ભાવનગરના ચેરમેન ડૉ. મિલન દવે જણાવ્યું કે, આ વાન ગ્રામ્ય ભારતમાં કૅન્સર કાળજી માટેનો અભિગમ બદલતી એક ક્રાંતિકારી પહેલ છે. સંશોધન દર્શાવે છે કે, મોબાઈલ સ્ક્રીનિંગ કાર્યક્રમો દર ૧,૦૦૦ લોકો પાછળ ૭ થી ૧૨ જીવન વર્ષ બચાવી શકે છે, જે દર વર્ષે અનેક પરિવારો માટે આશા બની શકે છે.

# દીવના વણાંકબારાના દરિયામાં ડૂબી જતા ખલાસીનું મોત

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દીવ, તા.૧૧

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના વણાંકબારા વિસ્તારની શ્યામ સાગર નંબર IND DD 02 MM 1594 બોટનો એક ખલાસી ગીગાભાઈ માધાભાઈ બાભણીયા (ઉંમર વર્ષ ૩૪) રહેવાસી ગરાલ, જિલ્લો ગીર સોમનાથ ગુજરાત, તારીખ ૧૦ જાન્યુઆરીના રોજ કોઈ કારણસર વણાકબારા બંદરની સામે દરિયામાં ઊંડા પાણીમાં ડૂબી જતા મોત થયું હતું. આ વાતની જાણ પોલીસને થતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી અને ગીગા ભાઈના મૃતદેહને કબજામાં લઈ દીવ હોસ્પિટલમાં ખાસેડવામાં આવ્યો અને વણાંકબારા કોસ્ટલ પોલીસ શ્રી ભરતભાઈ સોલંકી દ્વારા તેમના પરિવારને જાણ કરી હતી અને આગળની કાર્યવાહી હાથ ધરવામા આવી હતી.



### ગુજરાતીઓ ઠંડીમાં ઠુઠવાયા!

# નલિયામાં ૩.૮ લઘુત્તમ તાપમાન નોંધાતા માઉન્ટ આબુ જેવો માહોલ છવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ, તા.૧૧

રાજ્યમાં ઉત્તરથી ઉત્તર પૂર્વના પવન ફૂંકાઈ રહ્યા છે. રાજ્યભરમાં ઠંડીનો પારો ગગળ્યો છે. આ સાથે ઠંડા અને સૂકા પવન ફૂંકાતા ઠંડીનો ચમકારો વધારે અનુભવાઈ રહ્યો છે. ત્યારે નલિયામાં તો ઠંડીએ ભુક્કા બોલાવી દીધા છે. આ સિઝનમાં પહેલીવાર નલિયામાં ૩.૮ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. ગુજરાતમાં પાંચ જગ્યાએ સિંગલ ડિજિટમાં તાપમાનનો પારો પહોંચ્યો હતો. જ્યારે અમદાવાદમાં પણ તાપમાનનો પારો ૧૨ ડિગ્રીની નીચે સમેટાયો હતો. હવામાન વિભાગે ગુજરાતમાં ઠંડી વધશે કે ઘટશે તે અંગેની આગાહી કરી છે તે જોઈએ. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, ગુજરાતના વિવિધ વિસ્તારોના તાપમાનની વાત કરીએ તો, ગુજરાતમાં સૌથી ઓછું તાપમાન નલિયામાં ૩.૮ ડિગ્રી નોંધાયું છે. નલિયાનું તાપમાન સામાન્ય કરતા ૬ ડિગ્રી નીચું છે. અમરેલીમાં પણ તાપમાન ઘટીને ૭.૬ ડિગ્રી પર પહોંચ્યું છે. આ સાથે રાજકોટમાં ૮.૯, ભુજમાં ૯, ગાંધીનગરમાં ૯.૫, અમદાવાદમાં ૧૧.૬, ભાવનગરમાં - ડીસામાં ૧૨, વડોદરામાં ૧૨.૪, સુરતમાં ૧૪ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે.

**અમરેલીમાં પણ તાપમાન ઘટીને ૭.૬ ડિગ્રી પર પહોંચ્યું**

એક દિવસ પહેલા ૬.૪ ડિગ્રી સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડું શહેર બન્યું હતું. જ્યારે અમદાવાદમાં પણ તાપમાનનો પારો ગગડીને ૧૨ ડિગ્રીએ પહોંચ્યો હતો.

અમદાવાદ શહેર સહિત ગુજરાતના વિવિધ ભાગોમાં વહેલી સવારે ધુમ્મસની ચાદર છવાઈ હતી. અમદાવાદનો AQI ૨૫૦ને પાર પહોંચ્યો છે. શહેરમાં ઠંડીના ચમકારા સાથે હવા પ્રદૂષિત બની છે. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, આજે અમદાવાદમાં ૧૨ ડિગ્રી તાપમાન નોંધાઈ શકે છે. હવામાન વિભાગે શનિવારે આપેલી માહિતી પ્રમાણે, આગામી બે દિવસ માટે બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાશે. ત્યારબાદ સમગ્ર પ્રદેશમાં ધીમે ધીમે બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે. નોંધનીય છે કે, નલિયામાં આજે ૩.૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાતા માઉન્ટ આબુ જેવો માહોલ છવાયો છે. આખા નલિયામાં બરફની પાતળી ચાદર છવાઈ હતી.

હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, હાલમાં ગુજરાતમાં ઉત્તર-પૂર્વીય ઠંડા પવનો સીધા ફૂંકાઈ રહ્યા હોવાથી ઠંડીનું જોર વધ્યું છે અને સમગ્ર રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસોથી તીવ્ર ઠંડીનું મોજું ફરી વળ્યું છે. ઉત્તર-પૂર્વીય ઠંડા પવનો ફૂંકાવાને કારણે લઘુતમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે તેથી વહેલી સવારે અને મોડી રાત્રે જનજીવન પ્રભાવિત થયું છે.

# ભરૂચ-કીમ એક્સપ્રેસવે ખુલ્લો મુકાતા ટ્રાફિકજામમાંથી મળી મુક્તિ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ભરૂચ, તા.૧૧:** દક્ષિણ ગુજરાતના નાગરિકોની વર્ષોની પ્રતીક્ષાનો અંત આવ્યો છે. ભરૂચથી કીમ અને ત્યાંથી ખારેલ સુધીનો એક્સપ્રેસ હાઈવે કાર ચાલકો માટે ખુલ્લો મૂકી દેવામાં આવતા હવે સુરત અને અમદાવાદ વચ્ચેનું અંતર નોંધપાત્ર રીતે ઘટી ગયું છે. શનિવારે બપોરે ૧૨ વાગ્યાથી ભરૂચ-કીમ અને ખારેલ વચ્ચેનો એક્સપ્રેસવે કાર માટે ખુલ્લો મુકાયો છે. આ સાથે જ હવે અમદાવાદથી સીધા નવસારી જિલ્લાના ખારેલ સુધી સડસડાટ વાહન હંકારી શકાશે. જો તમારે વલસાડ, વાપી કે મુંબઈ તરફ જવું હોય, તો ખારેલથી માત્ર ૨ થી ૨.૫ કિલોમીટરનું અંતર કાપી જૂના નેશનલ હાઈવે ૪૮ પર જોડાઈ શકાય છે. આ હાઈવે શરૂ થવાથી મુસાફરોના સમયમાં મોટો બચાવ થશે. સુરત-અમદાવાદ હવે માત્ર ૨.૫ થી ૩ કલાકમાં પહોંચી શકાશે. ભરૂચ-કીમ પહેલા જ્યાં ૧ થી ૧.૫ કલાકનો સમય જતો હતો, ત્યાં હવે માત્ર ૨૦થી ૨૫ મિનિટમાં પહોંચી શકાશે. અંકલેશ્વર, કીમ અને ભરૂચ પાસે થતા કાયમી ચક્કાજામમાંથી મુક્તિ મળશે. ભરૂચ, અંકલેશ્વર અને સુરતના ઉદ્યોગપતિઓ માટે આ સમાચાર ખૂબ જ રાહતરૂપ છે. માલ-સામાનની હેરાફેરી ઝડપી બનતા લોજિસ્ટિક્સ ખર્ચ ઘટશે. ખાસ કરીને નર્મદા નદીના પુલ પર થતા ટ્રાફિક જામની સમસ્યા હવે હળવી થશે, કારણ કે લાંબા અંતરના વાહનો એક્સપ્રેસવે પર ડાયવર્ટ થઈ જશે. હાલમાં આ એક્સપ્રેસવે પર મુસાફરી કરવા માટે વાહનચાલકોએ કોઈ પણ પ્રકારનો ટોલટેક્સ ચૂકવવો પડશે નહીં. જે હાલમાં માત્ર ફોર-વ્હીલર (કાર) માટે જ ખુલ્લા મુકવામાં આવ્યા છે.

વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વાપી ટાઉનમાં એસઓજીનો સપાટો: હાઈબ્રિડ ગાંજા સાથે બે આરોપી યુવાન ઝડપાયા, ૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત

## પોલીસે મચ્છી માર્કેટ, સમર્થ પાર્ક બિલ્ડીંગમાં રેડ કરી સંતોષ કનોજીયા અને દિપેન પરિહાર નામના બે આરોપીને મુદ્દામાલ સાથે ઝડપ્યા

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૧**

છેલ્લા કેટલાક સમયથી વલસાડ જિલ્લાના વિવિધ શહેરમાં ગાંજા વેચાણના નેટવર્ક વધુ પ્રમાણમાં ઝડપાઈ રહ્યા છે. તેવો વધુ એક બનાવ વાપી ટાઉનમાં બન્યો છે. એસ.ઓ.જી.એ એક બિલ્ડીંગમાં રેડ કરીને ૩૦ લાખનો હાઈબ્રિડ ગાંજો તથા ૧.૩૫ લાખ રોકડા સાથે બે આરોપીને રંગે હાથ ઝડપી પાડ્યા હતા.




વલસાડ એસ.ઓ.જી.ને મળેલી બાતમી આધારે શનિવારે વાપી મચ્છી માર્કેટમાં આવેલ સમર્થ બિલ્ડીંગમાં રેડ પાડી હતી. કાર્યવાહી દરમિયાન સ્થળ ઉપરથી ૦.૮૭૧ કી.ગ્રા હાઈબ્રિડ ગાંજો જેની બજાર કિંમત આશરે ૩૦ લાખ થાય છે. હાઈબ્રિડ ગાંજના જથ્થો રાખનાર આરોપી સંતોષ કનોજીયા અને દિપેન પરિહારની પોલીસે એન.ડી.પી.એસ.એક્ટ હેઠળ ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આરોપીઓ પાસેથી ૧.૩૫ લાખના રોકડા રૂપિયા પણ મળી આવ્યા હતા. પોલીસે ગાંજો તથા રોકડા અને મોબાઈલ વગેરે મુદ્દામાલ તરીકે જપ્ત કર્યા હતા. હાઈબ્રિડ ગાંજો ઊંચી ક્વોલીટીનો ગાંજો ગણાય છે. પોલીસ વાપીમાં ક્યાં સપ્લાય કરતા હતા અને ગાંજો ક્યાંથી લાવતા હતા વિગેરે પાસાઓની ઝીણવટભરી આગળની તપાસ હાથ ધરશે. કાર્યવાહીથી નશીલા પદાર્થના સોદાગરોમાં વ્યાપક ફફડાટ પ્રસરી જવા પામ્યો હતો.

# સરીગામ યુવા શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટનો માનવતાવાદી અભિગમ: સબ ફ્રીઝરનું કરાયું લોકાર્પણ

## સ્વ. બદામીબેન સોનીની પુણ્યસ્મૃતિમાં સોની પરિવારે આપ્યું દાન: સરીગામ અને આસપાસના ગામો માટે નિઃશુલ્ક સેવા ઉપલબ્ધ થશે



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૧૧**

સમાજસેવા ક્ષેત્રે અગ્રેસર રહેતી સરીગામની યુવાશક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વધુ એક પ્રશંસનીય લોકસેવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. સરીગામ ગ્રામ પંચાયત સહયોગ સદન ખાતે આજરોજ સ્વ.બદામીબેન દેવીચંદ સોનીની પુણ્ય સ્મૃતિમાં 'શબ ફ્રીઝર'નું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. યુવાશક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અગાઉથી જ વિનામૂલ્યે 'મોક્ષરથ' (શબવાહિની) ચલાવવામાં આવે છે. હવે તેમાં શબ ફ્રીઝરની સુવિધા ઉમેરાતા અંતિમ સંસ્કાર માટે પ્રતિક્ષા કરતા પરિવારોને મોટી રાહત મળશે. આ પ્રસંગે દાતા દેવીચંદજી તારાચંદજી સોની તથા તેમના પરિવારજનો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ટ્રસ્ટના ચેરમેન શ્રી રાકેશ રાય દ્વારા કરવામાં આવેલા આ પ્રયાસને ગ્રામજનોએ દિલથી બિરદાવી હતી.

આ લોકાર્પણ કાર્યક્રમમાં અનેક સામાજિક અને રાજકીય અગ્રણીઓ હાજર રહ્યા હતા, જેમાં પુનાટ અખંડાનંદ આશ્રમના પૂજ્ય ગુરુદૈવ, એપીએમસી ઉમરગામના ચેરમેન શ્રી હર્ષદ શાહ, શ્રી મનહર શાહ, શ્રી જમનાદાસકાકા અને શ્રી પિયુષ શાહ તેમજ સરીગામ પંચાયતના સરપંચશ્રી સહદેવભાઈ વઘાત, ડેહલી પંચાયતના સરપંચશ્રી પ્રભુભાઈ પાટકર, કલગામ પંચાયતના સરપંચ શ્રી રોહિતભાઈ હળપતિ તથા વિવિધ સમાજના આગેવાનોની હાજરી જોવા મળી હતી.

પુનાટ આશ્રમના પૂજ્ય ગુરુદૈવે આ પ્રસંગે આશીર્વચન આપતા જણાવ્યું હતું કે, 'ધર્મ અને કર્મ જ્યારે સમાજસેવા સાથે જોડાય છે ત્યારે તે ખરા અર્થમાં પ્રેરણાદાયી બને છે.' આ સુવિધાથી સરીગામ જ નહીં પરંતુ આસપાસના અનેક ગામોના જરૂરિયાતમંદ લોકોને સમયસર સેવા મળી રહેશે.

# વાપી બલીઠામાં વીજ ડી.પી.માં અચાનક આગ લાગતા વીજ પ્રવાહ કલાકો સુધી ખોરવાઈ જતા રાત્રે મુશ્કેલી પડી હતી

## આગ લાગવાનું કારણ શોર્ટસર્કિટ બતાવવામાં આવ્યું છે, પરંતુ આગને લઈ પાસેના કચરાના ઢગલામાં આગ લાગી હતી



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૧**

વાપી બલીઠા વિસ્તારમાં શનિવાર ૭ વાગ્યાના સુમારે એક વિજ ડી.પી.માં અચાનક આગ લાગી હતી. તેથી વિજ વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. કલાકો સુધી વિજળી ગુલ રહેતા મહત્વના ટાઈમે લાઈટ જતા લોકો સારી એવી મુસીબતમાં મુકાયા હતા.

વાપી બલીઠા વિસ્તારમાં વિજ ડીપીમાં જોરદાર સ્પાર્ક તળખા થતા આગ લાગતા જોઈન્ટ બે ડી.પી.માં ભીષણ આગ લાગી હતી. આગ લાગતા સમગ્ર વિસ્તારમાં વિજળી ગુલ થઈ ગઈ હતી. તેથી ખરા સમયે વિજળી ગુલ થતા લોકો કલાકો સુધી અંધારપટમાં રહ્યા હતા. ડી.પી.ની આગથી પાસે રહેલા કચરાના ઢગલામાં આગ લાગી હતી. થોડીવાર તો વાતાવરણમાં ધુવાડાના ગોટે ગોટા ફેલાઈ ગયા હતા. પાલિકા ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચી આગ બુઝાવી દીધી હતી. અન્ય જાનહાની કે ઈજાનો કોઈ બનાવ બન્યો ન હતો.

# ડહેલી ગ્રામ પંચાયત દ્વારા બિલ્ડીંગ વિસ્તારના રહીશો સાથે ખાસ બેઠક યોજાઈ: પ્રાથમિક સુવિધાઓના પ્રશ્ને ચર્ચા

## સરપંચ અને ઉપસરપંચની ઉપસ્થિતિમાં સ્થાનિકોએ પાણી, ગટર અને સ્ટ્રીટ લાઈટ જેવી સમસ્યાઓનો પટારો ખોલ્યો; વહેલી તકે ઉકેલ લાવવાની ખાતરી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૧૧**

ઉમરગામ તાલુકાના ડહેલી ગ્રામ પંચાયતના નવા ચૂંટાયેલા સરપંચ શ્રી પ્રભુ પાટકર અને ઉપસરપંચ શ્રીમતી વૈશાલી અજય ભંડારીના અધ્યક્ષતા હેઠળ ડહેલીના બિલ્ડિંગ વિસ્તારમાં એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્રિષ્ના નગર પારસ મણીના કોમન પ્લોટ ખાતે સાંજે ૫ વાગ્યે યોજાયેલી આ બેઠકમાં વિસ્તારના રહીશો અને પંચાયતના હોદ્દેદારો વચ્ચે સીધો સંવાદ યોજાયો હતો.




બેઠકની શરૂઆતમાં સ્થાનિકો દ્વારા નવી બોડીનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, રહીશોએ પોતાની રોજિંદી હાલાકીઓ વિશે પંચાયતને માહિતગાર કર્યા હતા. જેમાં મુખ્યત્વે પીવાના પાણીની સમસ્યા, જાહેર રસ્તાઓ પર અયોગ્ય દબાણો અને સફાઈના અભાવે ફેલાતી ગંદકી. ગટર લાઈનની યોગ્ય સુવિધા ન હોવાને કારણે રહેવાસીઓને પડતી અસુવિધા, સ્ટ્રીટ લાઈટની અપૂરતી વ્યવસ્થા અને વીજ વાયરો અંડરગ્રાઉન્ડ કરવાની માંગ અને રહીશો દ્વારા એક વિશેષ રજૂઆત કરવામાં આવી હતી કે, કંકાવટી પાર્ક સામે આવેલ કોમન પ્લોટમાં જો 'કોમ્યુનિટી હોલ'નું નિર્માણ કરવામાં આવે, તો બિલ્ડિંગ વિસ્તારના લોકોને સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો માટે ઉત્તમ સુવિધા મળી શકે તેમ છે.

તમામ પ્રશ્નો સાંભળ્યા બાદ, સરપંચ શ્રી પ્રભુ પાટકર અને ઉપસરપંચ શ્રીમતી વૈશાલીબેન ભંડારીએ રહીશોને ખાતરી આપી હતી કે, પંચાયત આ તમામ મુદ્દાઓને ગંભીરતાથી લેશે. આગામી દિવસોમાં પ્રાથમિકતાના ધોરણે આ સમસ્યાઓનું નિરાકરણ લાવી વિકાસના કામો પૂર્ણ કરવામાં આવશે.

આ બેઠકમાં પૂર્વ તાલુકા ભાજપ મહામંત્રી શ્રી પ્રકાશભાઈ પટેલ, વોર્ડ સભ્યો હસ્તી ભંડારી, શ્રી નિલેશભાઈ મિસ્ત્રી, શ્રીમતી વાસંતી પટેલ સહિત સ્થાનિક અગ્રણીઓ શ્રી રાજુ ગદાણી, શ્રી જીગ્નેશભાઈ પટેલ, શ્રી પ્રશાંત સલાર, શ્રી મયંકભાઈ ભંડારી, શ્રી આર.કે.મિશ્રા અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# વાપી બગવાડા ટોલનાકા પાસે રાત્રે પસાર થતી કારમાં ભીષણ આગ લાગતા હાઈવે પ્રભાવિત થયો



## સમય સૂચકતા વાપરી કારમાંથી ચાલક બહાર નિકળી જતા જાનહાની ટળી: સપ્તાહમાં વાહન આગના પાંચ બનાવ બન્યા

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૧**

વાપી નજીક બગવાડા ટોલનાકા પાસે શનિવારે મોડી રાતે હાઈવે ઉપરથી પસાર થતી એક કારમાં અચાનક આગ લાગી ઉઠતા ક્ષણોમાં આખી કાર આગની જ્વાળામાં સપડાઈ ગઈ હતી. જોકે સમયસૂચકતા વાપરી કાર ચાલક બહાર નિકળી જતા જાનહાની ટળી હતી.

વાપી બગવાડા ટોલનાકા પાસે શનિવારે રાત્રે ૧૦ વાગ્યાના સુમારે ચાલુ કારમાં અચાનક શોર્ટસર્કિટ થતા કારમાં ભીષણ આગ લાગી હતી. આગ એટલી બધી વિકરાળ પ્રમાણમાં હતી કે જોતજોતામાં કાર આગની લપેટો બળીને ખાખ થઈ ગઈ હતી. સળગતી કારનું દ્રશ્ય એટલુ ભયાનક હતું કે હાઈવેના વાહનચાલકો શોક થઈ ગયા હતા. લોકોમાં ડર હતો કે ચાલકનું શું થયું હશે પરંતુ ચાલક સલામત હતો તેથી લોકોએ હાશકારો અનુભવ્યો હતો. આગની જાણ બાદ વાપી અને પારડીના બે ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચાડી ગઈ હતી. પાણીનો મારો ચલાવી આગને બુઝાવી દેવાઈ હતી.

ઉલ્લેખનીય છે કે, વિતેલા સપ્તાહમાં વાહનો આગ લાગવાનો આ પાંચમો ચિંતાજનક બનાવ બન્યો હતો.

# સોમનાથ મહાદેવ મંદિરને ૧૦૦૦ વર્ષ પૂર્ણ થતાં 'સ્વાભિમાન પર્વ' નિમિત્તે દીવના શિવલયોમાં પણ ઉજવણીનો માહોલ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૧**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના શિવાલયોમાં સ્વાભિમાન પર્વ નિમિત્તે મહાઆરતીનું આયોજન, સોમનાથ મંદિરને ૧૦૦૦ વર્ષ થતાં સ્વાભિમાન પર્વની ઉજવણી કરવામા આવી હતી. તેના ભાગરૂપે દીવ જિલ્લાના વિવિધ શિવલયોમાં પણ એક સાથે સવારે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. દીવ ઓમકારેશ્વર મહાદેવ, ઘોઘલા તપેશ્વર મહાદેવ, ચંદ્રેશ્વર મહાદેવ વગેરેમાં આરતી પૂજા અર્ચના મંત્રોચાર સાથે કરવામાં આવી હતી.

આ પ્રસંગે દીવ ભાજપ ઉપપ્રમુખ શ્રીમતી વૈશાલી બામણીયા સહિત વિવિધ શિવલયોમાં ભક્તોએ સ્વાભિમાન પર્વની ઉજવણી કરી હતી અને મહાદેવની આરાધના કરી હતી.

### વલસાડ શ્રી ચંદ્રમૌલિશ્વર મહાદેવ મંદિરે ૭૨ કલાકની અખંડ શિવ આરાધના કાર્યક્રમમાં

# દક્ષિણ ઝોન શ્રી સોમનાથ સ્વાભિમાન પર્વના ઈન્ચાર્જ અશોકભાઈ ધોરાજીયા મહાદેવની ભક્તિમાં થયા લીન



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૧૧**

આસ્થા, શક્તિ અને સ્વાભિમાનના ૧૦૦૦ વર્ષની ભવ્ય ઉજવણી એટલે 'સોમનાથ સ્વાભિમાન પર્વ' દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને યોજાનારા આ ઐતિહાસિક પર્વના ભાગરૂપે સમગ્ર ગુજરાતમાં ભક્તિમય માહોલ જામ્યો છે. જે અંતર્ગત વલસાડના સુપ્રસિદ્ધ ચંદ્રમૌલિશ્વર મહાદેવ મંદિર ખાતે ૭૨ કલાકના વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે

વલસાડ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં સતત ૭૨ કલાક સુધી મહાદેવની વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવશે. આ અવસરે 'શિવ આરાધના અને પૂજા, શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે મહાદેવનો અભિષેક કરવામાં આવશે,ભક્તો દ્વારા અખંડ શિવ ધૂન અને કીર્તનની રમઝટ બોલાવવામાં આવી હતી, જેનાથી સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું હતું. દક્ષિણ ઝોન શ્રી સોમનાથ સ્વાભિમાન પર્વના ઈન્ચાર્જ શ્રી અશોકભાઈ ધોરાજીયા મહાદેવની ભક્તિમાં થયા લીન.

આ પવિત્ર પ્રસંગે આ પવિત્ર પ્રસંગે આજરોજ વલસાડ જિલ્લાના મહામંત્રી શ્રી કમલેશભાઈ પટેલ, વલસાડ તાલુકા ભાજપ પ્રમુખ શ્રી તેજસભાઈ પટેલ, ભદેલીના સરપંચ શ્રી જીતેન્દ્રભાઈ ટંડેલ સહિત કાર્યકરો, ભક્તો આ ઉપરાંત, સંગઠનના વિવિધ હોદ્દેદારો, કર્મનિષ્ઠ કાર્યકર્તાઓ, ચૂંટાયેલા જન-તિનિધિઓ અને પૂજ્ય સાધુ-સંતોએ ઉપસ્થિત રહી મહાદેવના આશીર્વાદ લીધા હતા, સ્વાભિમાન પર્વનું મહત્વ વક્તાઓએ જણાવ્યું હતું કે, સોમનાથ મંદિરે ભારતની અસ્મિતાનું પ્રતીક છે. ૧૦૦૦ વર્ષની આ ઉજવણી આવનારી પેઢીને આપણા ભવ્ય વારસા અને સંઘર્ષની ગાથાથી પરિચિત કરાવશે, વલસાડના ભક્તોમાં પણ આ પર્વને લઈને અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

# આહવા-સાપુતારા માર્ગ પર ખાડામાં ટ્રક ઉતરી જતા પલટી, ચાલકનો બચાવ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**આહવા, તા.૧૧**

ડાંગ જિલ્લામાં વરસી રહેલા સતત વરસાદને પગલે માર્ગોની સ્થિતિ બિસ્માર બની છે. ગત રોજ આહવા-સાપુતારા નેશનલ હાઈવે પર એક ગંભીર અકસ્માત સર્જાયો હતો, જેમાં ખાડાને કારણે એક ટ્રક (નં. જીજે-૦૬-એએક્સ-૨૪૦૧) પલ્ટી મારી ગઈ હતી.

મળતી માહિતી મુજબ, માલસામાન ભરેલી આ ટ્રક સાપુતારા તરફ જઈ રહી હતી. એકાએક મોટા ખાડામાં ટાયર આવી જતાં ચાલકે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. પરિણામે ટ્રક માર્ગની બાજુમાં પલટી ખાઈ ગઈ હતી. સદ્નસીબે આ અકસ્માતમાં ટ્રક ચાલકનો આબાદ બચાવ થયો છે અને માત્ર સામાન્ય ઈજાઓ પહોંચી છે. ટ્રકમાં ભરેલા માલસામાન અને વાહનને મોટું આર્થિક નુકસાન થયું છે.

ઘટનાને પગલે થોડો સમય માટે હાઈવે પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી, જે બાદમાં સ્થાનિક પોલીસ દ્વારા પૂર્વવત કરવામાં આવી હતી.

# દીવ ખાતે ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સના ખેલાડીઓનું ઉષ્માભર્યું સન્માન કરાયું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૧૧**

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી તથા દમણ-દીવનાં પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના કુશળ નેતૃત્વ હેઠળ ૫થી ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સનું જે ભવ્ય આયોજન થયું. તેનાં અંતિમ દિવસે ભારતીય જનતા પાર્ટી યુવા મોરચાનાં પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી મિહિર કેતન અને પ્રદેશ મંત્રી શ્રી હિરેન સોનીએ ભારતના ઉજ્જવળ એવાં ભવિષ્ય યુવા ખેલાડીઓને પુષ્પગુચ્છ આપી ઉષ્માભર્યુ સન્માન કર્યુ અને એમનાં ઉજ્જવળ ભવિષ્યની કામના કરી હતી.